પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૭/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૭૪

**સુવિચાર**

માનવજીવનની ઈજ્જત સાચવવાનો સ્વયંભૂ આગ્રહ એટલે જિંદગીમાં પવિત્રતા, પ્રમાણિકતા સાચવવાની નિરંતર જાગૃતિ.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## એક સમયે ડો. મનમોહનસિંગને ડો. મૌન મોહનસિંગ કહેનારા ચુપ થઈ ગયા

# શાસકો મોંઘવારી કે મણીપુરનો ''મ'' બોલવા તૈયાર નથી

**દેશની ૧૦૦ કરોડ જનતા ગરીબ કે મધ્યમવર્ગમાંથી આવે છે તેઓથી કારમી મોંઘવારી સહન થતી નથી**

**રાજ્ય અને કેન્દ્ર સરકાર જો ધારે તો પેટ્રોલ-ડીઝલનાં ભાવમાં પ્રતિ લીટર રૂપિયા ૧૦ થી ૧૫ નો ઘટાડો કરી શકે તેમ છે**

**આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલનાં ભાવમાં ઘટાડો અને તેમાં પણ રશિયાથી થતી ખરીદીમાં વધારે ફાયદો મળે છે**

**આગામી તમામ ચૂંટણીમાં મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, શિક્ષણ અને આરોગ્યની કથળતી હાલત મહત્વનો મુદ્દો બનશે તે નક્કી**







અમરેલી, તા. ૬

આજથી એક દાયકા પહેલા આજનાં શાસકો અને તે વખતનાં વિપક્ષી નેતાઓ જે સમયનાં પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંગ ઉપર મોંઘવારી પ્રશ્ને આકરા પ્રહારો કરતાં જણાવતા હતા કે પ્રધાનમંત્રીનું ઘમંડ તો જુઓ તે મોંઘવારીનો ''મ'' બોલવા તૈયાર નથી અને વર્તમાન સમયમાં ૧૦ વર્ષમાં મોંઘવારી વિકરાળ બની ચુકી છે અને દેશનું એક મહત્વનું રાજ્ય મણીપુર છેલ્લા ૨ મહિનાથી અરાજકતાની ગર્તામાં ધકેલાયું છતાં પણ આજનાં શાસકો મોંઘવારી કે મણીપુરનો ''મ'' બોલવા તૈયાર નથી.

દેશની ૧૦૦ કરોડ જનતા કે જે ગરીબ અને મધ્યમવર્ગમાંથી આવે છે તેઓ માટે કારમી મોંઘવારી અસહ્ય બની ચુકી છે. આજે પેટ્રોલ-ડીઝલ, ખાદ્યતેલ, શાકભાજી, કઠોળ, અનાજ, દૂધ, દવાઓ, શાળા ફી, વીજબિલ સહિતની ચીજવસ્તુઓમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦થી લઈને ૧૦૦ ટકાનો ભાવ વધારો થયો હોય છતાં શાસકોને ગરીબોની કોઈ ચિંતા થતી નથી.

આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાચા તેલનાં ભાવમાં તોતીંગ ઘટાડો થયો છે. દેશને રશિયા તરફથી તેનાથી વધારે રાહતદરે કાચુ તેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાઉન્ડ ધ કલોક ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર કાર્યવાહી જરૂરી

# અમરેલી-કોટડાપીઠા-રાજકોટનાં ફોરલેન માર્ગ ઉપર ખોડિયાર મંદિરની ધાર નજીક પથ્થર પડવાની દહેશત

**માર્ગની એક બાજુનાં પથ્થર પડવાનાં વાંકે ઉભા હોય યુધ્ધનાં ધોરણે કંઈક કરો**


તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૬

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ખોડિયાર મંદિરથી ધાર પાસે રાજકોટ-ભાવનગર ફોરલેન રોડ પસાર થાય છે. આ રોડ પર ચોવીસ કલાક નાના-મોટા વાહનોની અવર-જવર રહે છે. પરંતુ હાલ સતત વરસાદથી એક સાઈડનાં પથ્થરો જમીન પલળવાથી છુટા પડી રોડ પર આવી જાય છે. એક સાઈડનાં મોટા પથ્થરો રોડ સાઈડ નમી ગયા હોવાથી ગમે ત્યારે રોડ પર ગબડે અને કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલા સબંધિત ખાતાએ તાકીદે પગલા લે તેવી માંગણી છે.

# ખાંભાનાં હાઈવે પર સિંહની લટાર



અમરેલી જિલ્લાનાં ખાંભા નજીક આવેલ ગીર વિસ્તારમાં ગઈકાલે ઢળતી સંધ્યાએ સિંહના ટોળાનો અદભૂત વિડીયો આવ્યો સામે. જેમાં બે સિંહણ પોતાના પાંચ નાના નાના બચ્ચા સાથે ખાંભા-અમરેલી સ્ટેટ હાઈવે પર લટાર મારતા જોવા મળી રહ્યાં છે. ખાંભા નજીક આવેલ લાપાળા ડુંગર પાસે ગઈકાલે ઢળતી સંધ્યાએ રીમઝીમ વરસાદની સાથે લીલી જંગલની મોજ માણવા માટે નાના-નાના પાંચ સિંહબાળ સાથે બે સિંહણ ખાંભા-અમરેલી સ્ટેટ હાઈવે પર લટાર મારતી જોવા મળી હતી. ત્યારે પસાર થતાં એક વાહનચાલકે આ અદભૂત દ્રશ્ય પોતાના મોબાઈલમાં કેદ કરી લીધું હતું.

## બન્ને વ્યકિતઓ સુરતનાં હોવાનું અનુમાન

# ધારી : ખોડિયાર જળાશય નજીક પુરૂષ-સ્ત્રીએ ઝેરી દવા ગટગટાવી

**સ્ત્રીનું મોત થયું ને પુરૂષને સારવારમાં ખસેડાયા**



અમરેલી, તા. ૬

ધારી નજીક આવેલ ખોડિયાર ડેમનાં પાટીયા પાસે એક પુરૂષ તથા સ્ત્રીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા બન્નેને ગંભીર હાલતમાં ધારીનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ જયાં આ મહિલાનું મોત નિપજયું હતું. જયારે પુરૂષની હાલત ગંભીર હોય સારવાર માટે અમરેલીનાં દવાખાને ખસેડવામાં આવેલ છે. આ બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં પોલીસે સામાન તપાસતાં મહિલાનું આધારકાર્ડ મળેલ હોય તેણી સુરત ખાતે રહેતી હોય તથા પુરૂષ પાસેથી ડ્રાઈવીંગ લાયસન્સ મળી આવેલ હોય જેમાં વિજયભાઈ સોલંકી નામ હોવાનું પોલીસમાંથી જાણવા મળેલ છે.

આ બન્નેએ કયાં કારણોસર ઝેરી દવા પીધી હતી તે અંગી પોલીસે તપાસ હાથ ધરી છે.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત ''રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક''
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૫૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

### હાય રે કળિયુગ...કેવા દિવસો આવ્યાં

# તાલાળામાં સામાન્ય બાબતે મિત્રનાં હાથે મિત્રની હત્યા

## પોલીસે હત્યાનાં આરોપીની કરી અટકાયત





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૬

ગુજરાત સરકાર દાવા કરે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાનો અમલ કડકાઈથી કરવામાં આવે છે, તેમ છતાં રોજબરોજ ચોરી, લૂંટ, મારમારી અને હત્યા જેવી ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાય છે. ત્યારે ગીર સોમનાથમાં વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક મિત્રએ જ નજીવી બાબતે બીજા મિત્રની હત્યા કરી દીધી હતી. ત્યારે આજે ગીર સોમનાથ એસ.ઓ.જી. પોલીસે આ હત્યા કરનારા આરોપીની ધરપકડ કરી હતી. અને ધરપકડ બાદ હાલ આરોપીની પૂછપરછ કરવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, અકરમ નામનો યુવક જે કડિયાકામ કરે છે. તેને બાંધકામ સાઈટ પર રાકેશ નામના એક યુવક સાથે મિત્રતા થઈ હતી. બંને વચ્ચે મિત્રતા વધ તેઓ સાથે હરવા–ફરવા પણ જતાં હતા. આવી જ રીતે બંને મિત્રો સાસણ ગીર ફરવા ગયા હતા. તે દરમિયાન બંને વચ્ચે ફરવાના ખર્ચ બાબતે ઝગડો થયો હતો. ત્યારબાદ રાકેશે આવેશમાં આવીને અકરમને ધક્કો મારીને પાડી દીધો હતો અને માથાના ભાગે પથ્થર માર્યા હતા, બાદમાં ફરાર થઈ ગયો હતો. અકરમને ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે તેનું ઘટનાં સ્થળે જ મૃત્યુ થયું હતું.

જશાપુર ગામમાંથી લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ગ્રામજનોએ સ્થાનિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. લોહીલુહાણ હાલતમાં પડેલા મૃતદેહને સરકારી હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને હત્યા અંગેનો ગુનો નોંધી આરોપીને પકડવા તપાસ શરૂ કરી હતી. હત્યાની ઘટનાની ગંભીરતા સમજતા સ્થાનિક પોલીસની સાથે ગીર સોમનાથ એસ.ઓ.જી. ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. જેમાં એસ.ઓ.જી. ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટિલેન્સના અધારે ઉંડાણપૂર્વક તપાસ કરી આરોપી રાકેશની ગણતરીની કલાકોમાં અટકાયત કરી હતી. એસ.ઓ.જી.એ રાકેશની આગવી ઢબે પૂછપરછ કરતા તેણે જ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. જે મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી રાકેશને જેલ હવાલે કર્યો છે.

### પાંચ વર્ષ સુધી હવામાં ઉડતા રાજકીય આગેવાનો ચૂંટણી સમયે ધરતી પર આવે છે

# ઇલેક્શન ઈફેક્ટ : મધ્યપ્રદેશના પેશાબકાંડના પીડિતનાં પગ ધોઈ, તિલક કરીને શાલ ઓઢાડીને સન્માન કરતા મુખ્યમંત્રી

## કયારેક એવુ લાગે કે દર વર્ષે ચૂંટણી યોજાય તો દરેક મતદારનો બેડો પાર થાય

સાવરકુંડલા, તા. ૬
(પ્રતાપભાઈ ખુમાણ)


મધ્યપ્રદેશની શિવરાજ સરકાર સીધી જિલ્લાના પેશાબના કેસમાં ડેમેજ કંટ્રોલ કરવામાં વ્યસ્ત છે. ગુરૂવારે, મુખ્યમંત્રી શિવરાજસિંહ પીડિત આદિવાસી દશમત રાવતને મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળ્યા હતા. તેને ભોપાલ બોલાવવામાં આવ્યો. અહિં શિવરાજે તેમના પગ ધોયા, ચાંદલો કરી અને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યુ. મુખ્યમંત્રીએ આ ઘટના પર દુ:ખ વ્યકત કર્યુ અને માફી માંગી. સીએમ શિવરાજે પીડિત યુવકને ગણેશની પ્રતિમા પણ અર્પણ કરી છે. શ્રીફળ અને કપડા પણ આપવામાં આવ્યા છે. સીએમએ પીડિતને પૂછયુ કે શું ઘરમાં કોઈ સમસ્યા છે. કંઈ થાય તો મને જણાવજો. શિવરાજે પૂછયુ કે તમે શું કામ કરો છો ? પીડિતે જણાવ્યું કે તે કુબેરીના બજારમાં મજુરી કરે છે. સી.એમ.એ પૂછયુ કે બાળકો ભણે છે ? તેમને શિષ્યવૃતિ મળે છે કે નહિં ? પીડિતે જણાવ્યું કે બાળક સ્ટાઈપેન્ડ મળે છે. શિવરાજે કહયુ કે હું તે ઘટના જોઈને ખુબ જ દુ:ખી છું, તેથી હું માફી માંગુ છું. તે મારી ફરજ છે અને મારા માટે જનતા જ ભગવાન છે. શિવરાજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને દશમતને નાસ્તો કરાવ્યો.

તમને જણાવી દઈએ કે સીધી જિલ્લામાં પેશાબ કરવાના મામલામાં ભાજપ સરકાર મુશ્કેલીમાં છે. કોંગ્રેસ સતત આદિવાસી સમુદાયનું અપમાન કરવાનો આરોપ લગાવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શિવરાજ સરકાર પર પ્રહારો કર્યા હતા.

**સીધી જિલ્લામાં શું થયું ?**

મધ્યપ્રદેશના સીધીમાં એક યુવક દ્વારા આદિવાસી પર પેશાબ કરવાનો મામલો સામે આવ્યો છે. તેનો વિડીયો પણ સામે આવ્યો છે. આરોપી પ્રવેશ શુકલા સામે કાર્યવાહી કરવામાં આવી છે. સીએમ શિવરાજસિંહ ચૌહાણે કહયું છે કે આરોપીઓ પર એનએસએ





લગાવવામાં આવશે. આવી ઘટનાઓને સાખી લેવામાં આવશે નહીં. આરોપીના ઘરે બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. બુધવારે તેની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું કે પેશાબ કરનાર યુવક ભાજપનો નેતા છે. પેશાબ કરનાર યુવક ભાજપના ધારાસભ્ય કેદાર શુકલાના પ્રતિનિધિ પ્રવેશ શુકલા હોવાનું કહેવાય છે. જો કે, ભાજપના ધારાસભ્યએ પોતે પ્રવેશથી દુરી લીધી હતી. કેદાર શુકલાએ કહયું કે પ્રવેશ તેમનો પ્રતિનિધિ નથી. લગભગ એક અઠવાડિયા પહેલા આ વિડીયો સામે આવ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો હતો. NSAની કલમ ૨૯૪, ૫૦૬ ભારતીય દંડ સંહિતા, ૭૧ એસી, એસટી, એકટ હેઠળ પણ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**રાષ્ટ્રીય સુરક્ષા કાયદો શું છે ?**

રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) અથવા રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (રાસુકા) એક એવો કાયદો છે, જેના હેઠળ કોઈ ચોકકસ ધમકીને કારણે વ્યકિતને અટકાયતમાં લઈ શકાય છે. જો પ્રશાસનને લાગે છે કે તે વ્યકિતના કારણે દેશની સુરક્ષા અને સૌહાર્દને ખતરો છે, તો આવું થાય તે પહેલા તે વ્યકિતને રાસુકા હેઠળ કસ્ટડીમાં લેવામાં આવે છે.

### વડિયા નજીક આવેલ

# મોટા ઉજળા ગામે વસ્તુનાં પૈસાની ઉઘરાણી કરતાં યુવકને ૪ ઈસમોએ માર માર્યો

## જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૬

વડિયા તાલુકાનાં મોટા ઉજળા ગામે રહેતા મનસુખભાઈ ઉર્ફે લવલી પ્રેમજીભાઈ ચૌહાણ નામનાં ૨૮ વર્ષિય યુવકને અગાઉ ઉધાર આપેલ વસ્તુનાં પૈસા માંગતા તે વાતનું મનદુ:ખ રાખી આરોપી ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ ગજેરા સહિત ૪ ઈસમોએ આ યુવકને મોટા ઉજળા ગામે આવેલ બસ સ્ટેન્ડ ઉપર બોલાવી આડેધડ માર મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની યુવકે વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા વિભાગીય પોલીસ વડા જે.પી. ભંડારીએ વધુ તપાસ હાથ ધરેલ છે.

### કાર ચાલકે સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવતા

# ઉનાનાં ટાવર ચોક નજીક અકસ્માતમાં ૩ બાઈકને નુકસાન

## સદ્નસીબે જાનહાની ટળી




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૬

ઉનાના દેલવાડા રોડ પર રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા ભીખુભાઈ ભાણાભાઈ ઝાલાના પિતાની તબિયત નાદુરસ્ત હોવાથી ઉનાની ખાનગી હોસ્પિટલમાં દાખલ હોય અને હોસ્પિટલમાંથી રજા મેળવી દેલવાડા રોડ પર પોતાના ઘર તરફ જઈ રહ્યા હોય ત્યારે ઉના ટાવર ચોક પાસે પોતાની કાર નં. જી.જે. ૩ર બી. ૬૫૨૫ ના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ટાવર ચોક પોલીસ ચોકી પાસેના ભાગે ઘુસી જતા પાર્ક કરેલ ત્રણ જેટલી બાઈકમાં નુકસાન પહોંચાડયું હતું. ત્યારે સાંજના સમયે જ અકસ્માત સર્જાતા ટાવર ચોક પાસે લોકોના ટોળેટોળા એકતા થયા હતા. જેમાં સદ્નસીબે મોટી જાનહાની થતા ટળી હતી અને કોઈને ઈજા થયેલ ન હતી.

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# રાજકોટ પો.સ્ટે.નાં વિશ્વાસઘાતનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત કરાઈ

## આગળની કાર્યવાહી માટે રાજકોટ પોલીસને જાણ કરાઈ

અમરેલી, તા. ૬

રાજકોટ યુનિવર્સિટી પોલીસના વિસઘાત તથા છેતરપીંડીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ધ્વારા ઝડપી લેવામાં આવેલ છે.

આ કામના આરોપી રામજીભાઈ ઉર્ફે રામ નાનજીભાઈ પરમાર રહે. મૂળ–કંકાસા (તા.માંગરોળ) હાલ ગાયત્રી મંદિર પાસે સવોર્દય સોસાયટી અમરેલી વાળાએ આ કામના ફરિયાદીને વિસમાં લઈ તેમની પાસેથી ટ્રક વેચાણ કરારથી ખરીદ કરી રૂા. ૧,૦૦,૦૦૦ આપી બાકીના રૂા. ૬,૧૧,૦૦૦ આપવાનો વાયદો કરી વિસ આપી બાદમાં બાકીના પૈસા ન આપી સાથે વિસઘાત તથા છેતરપીંડી કર્યા બાબતે ગુન્હો નોંધાયેલ હતો.



જે અન્વયે જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ ધ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય. પો.ઈન્સ. એલ.સી.બી. અમરેલીના માર્ગદર્શન આધારે પીએસઆઈ કે.જી. મયા (ગઢવી), પેરોલ ફર્લો સ્ક્વોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમી ધ્વારા, રાજકોટ શહેર યુનિવર્સિટી (ગાંધીગ્રામ) પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ વિ. મુજબના કામે રાજકોટ શહેરના નાસતા ફરતા આરોપી રામજીભાઈ ઉર્ફે રામ નાનજીભાઈ પરમારને અમરેલીથી તા. ૫/૭ના રોજ ચોક્કસ બાતમી આધારે હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા રાજકોટ શહેર યુનીવર્સિટી (ગાંધીગ્રામ) પોલીસ સ્ટેશનને સોંપવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

### તાલુકા કોંગી મહામંત્રી પ્રવિણભાઈ કમાણીની માંગ

# અમરેલીની મામલતદાર કચેરીમાં અરજી નિકાલની ગોકળગાયની ગતિએ થતી કામગીરી દુર કરો

## કલેકટરને પત્ર પાઠવીને ખેડૂતોના હિતમાં યોગ્ય કરવા જણાવ્યું

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા ગ્રામીણ વિસ્તારમાંથી કરવામાં આવતી અરજીઓ મામલતદારના કલાર્કના ટેબલ સુધી પહોંચી જાય છે. ત્યારે પછી બે–ત્રણ મહિના સુધી નિકાલ કરવામાં આવતી ન હોય જેથી કરીને ખેડૂતોના રેવન્યુના કામ થતા નથી અને જે કામ થાય છે તે ચુકાદાઓ કોપી પેસ્ટ કરવામાં આવે છે અને રેવન્યુના કામોના નિરાકરણ થતા ના હોય મામલતદારની કચેરીમાં કામો બહુજ ધીમી ગતિએ કરવામાં આવે છે. રોજ ખેડૂતો મામલતદાર કચેરીમાં આખો દિવસ પસાર કરીને કામ ન થતા નિરાશ થઈને પરત જાય છે. તો આ બાબતને ધ્યાને લઈ ઘટતુ કરવા તાલુકા કોંગી મહામંત્રી પ્રવિણભાઈ કમાણીએ કલેકટરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# સાવરકુંડલાની કાણકીયા કોલેજ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી





સાવરકુંડલા, તા. ૬

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે આજરોજ તા. ૩/૭/૨૩ને સોમવારે એન.એસ.એસ. દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમના પ્રારંભમાં કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી સરસ્વતી પૂજન તથા ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ એન.એસ.એસ.ના વિદ્યાર્થી બહેનો દ્વારા ગુરૂજનોનું પુષ્પોથી સન્માન કરવામાં આવેલ. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયાએ પ્રાસંગિક ઉદ્બોધન દ્વારા વિદ્યાર્થીઓને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું.

ડો .બી.ડી. વરૂએ ભજન દ્વારા ગુરૂવંદના કરી હતી. વકૃત્વ સ્પર્ધામાં કુલ આઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડો. ડી.ડી.ભટ્ટ તથા વાઈસ પ્રિન્સિપાલ પ્રા.રિન્કુબેન ચૌધરીએ પોતાની ઉત્તમ સેવા આપી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન એનએસએસ ના પ્રોગ્રામ ઓફિસર ડો. એમ.જે. પટોળિયાએ કર્યુ હતું. કાર્યક્રમના સમાપનમાં ડો. એ.કે. પરમાર દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### જનતાજનાર્દનમાં જાગૃતિ ઉભી કરવા માટે

# ચલાલા : બેન્ક ઓફ બરોડા સીએસપી સેન્ટર ખાતે નાણાકીય અને ડિજીટલ બેન્કિંગની માહિતી અપાઈ

## જી–૨૦ ફાઈનાન્સ ટ્રેક–સિટીઝન્સ પ્રોગ્રામ અંતર્ગત જનજાગૃતિ પ્રસરાવવામાં આવી

અમરેલી, તા. ૬

અમરેલી જી–૨૦ અંતર્ગત નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેન્કના ગવર્નરની બેઠક પૂર્વે રાજયભરમાં નાણાકીય સમાવેશન (ફાઈનાન્સિયલ ઈન્કલુશન) માટે લીડ બેંકના નેતૃત્વમાં વિવિધ વિભાગો, બેંકો, નાણાકીય સંસ્થાઓ દ્વારા લોકોને જાગૃત્ત કરવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આ કડીના ભાગરૂપે બેંક ઓફ બરોડા ચલાલા સીપીએસ સેન્ટર ખાતે જી–૨૦ ફાઈનાન્સ ટ્રેક–સિટીઝન્સ પ્રોગ્રામ (જી–૨૦ ફાઈનાન્સ ટ્રેક સિટીઝન એન્ગેજમેન્ટ પ્રોગ્રામ) અંતર્ગત એક જનજાગૃત્તિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ગ્રાહકોને નાણાકીય સાક્ષરતા તથા ડિજિટલ બેન્કિંગની સમજ આપવામાં આવી હતી. જેમાં ઓ.ટી.પી., સીવીવી, પીન (ઓટીપી/સીવીવી/પીન)ના ઉપયોગ અંગેની સમજણ આપી તથા અજાણી લીંક સાઈટમાં નહિ જવાની તથા ફેક કોલથી સાવધ રહેવાની માહિતી આપવામાં



આવી હતી. આ ઉપરાંત પ્રધાનમંત્રી બીમા સુરક્ષા યોજના (પી.એમ.એસ.બી.વાય.), પ્રધાનમંત્રી જીવન જયોતિ બીમા યોજના (પી.એમ.જે.જે.બી.વાય.) વિશે સમજણ આપવામાં આવી હતી. આ બંને વીમા યોજના અંતર્ગત નાગરિકો નજીવા દરે પ્રીમિયમ ભરી અને સુરક્ષા કવચ મેળવી શકે છે. આ કેમ્પમાં એલ.ડી.એમ. બીપીનભાઈ સોલંકી, નાબાર્ડના ડી.ડી.એમ. જીજ્ઞેશભાઈ ઝાલા, આર.સેટી. ડિરેકટર મેઘાણી, એફ.એલ.સી. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા અને લોકોને જરૂરી નાણાકીય સમજ અને યોજનાઓની માહિતી આપી હતી. તેમ અમરેલી જિલ્લા લીડ બેંકના મેનેજરની એમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### કોંગી અગ્રણી ઈકબાલ ગોરીએ કરી માંગ

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસ છોડી ગયેલ આગેવાનો અને કાર્યકરોને પુન: પ્રવેશ આપો

## પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલને પત્ર પાઠવ્યો

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાનાં કોંગી અગ્રણી ઈકબાલ ગોરીએ પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સમગ્ર દેશમાં કોંગ્રેસ પક્ષને પોતાની માતૃ સંસ્થા ગણતા લઘુમતી અને દલીત સમાજનાં શિક્ષિત યુવાનોની સાથે ભૂતકાળમાં અન્યાય કરવામાં આવેલ છે.

તેવા કોંગ્રેસ પક્ષનાં નિષ્ઠાવાન કાર્યકરોને સક્રીય કરવાની ખુબ જ જરૂર છે. દા.ત. માત્ર સાવરકુંડલા જ નહિ પરંતુ સમગ્ર જિલ્લામાં જે તે સમયે દલીત સમાજનાં યુવાન એડવોકેટ એન્ડ નોટરી તરીકેને ખૂબ જ ઉજજવળ કારકિર્દી ધરાવતા હિંમતભાઈ બગડા જેઓની કોંગ્રેસ પક્ષ માટે તન, મન, ધનથી સેવાથી સમગ્ર જીલ્લાનાં કાર્યકરો માહિતગાર છે,





આવા સનિષ્ઠ કાર્યકરની કદર કરવાના બદલે સ્વાર્થી અને સતા લોલુપ આગેવાનો દ્વારા સારો તે મારો નહી પરંતુ મારો તે સારો એ ન્યાયે પચ્ચીસ વર્ષથી સક્રિય કાર્યકર તરીકે કામગીરી કરી રહેલ કાર્યકરને પાડી દેવા અને રાજકીય રીતે ખતમ કરવાના આશયથી સતત તિરસ્કૃત કરવામાં આવતા હોય, જેથી આવી પ્રવૃતિનાં કારણે કોંગ્રેસપક્ષને ખૂબ જ મોટું નુકસાન થયેલ હોય સમગ્ર રાજયમાં કોંગ્રેસપક્ષનાં શિક્ષિત અને નિષ્ઠાવાન કાર્યકરોને સક્રિય રીતે સન્માન સાથે જોડવા માટે વિશેષ રીતે ધ્યાન આપવું જરૂરી છે. કારણ કે, સમગ્ર લઘુમતી અને દલીત સમાજ એ સ્વાર્થ વગર કોંગ્રેસ પક્ષને પરંપરાગત રીતે વરેલ સમાજ છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ગરીબ વ્યકિતઓનાં બેન્ક ખાતામાં લાખો રૂપિયા જમા કરીને

# બાબરામાં જીએસટી ચોરીનું મહાકૌભાંડ ચાલતું હોવાની ચર્ચા

### એક ખાતામાંથી બીજા ખાતામાં અને તેમાં એક-બે ટકા કમિશન આપીને બોગસ પેઢીઓ દ્વારા મોટું કૌભાંડ થતું હોવાની ચર્ચા

### તાજેતરમાં નોઈડામાંથી ઝડપાયેલ તેવું કૌભાંડ થતું હોવાની પણ આશંકા વ્યકત કરવામાં આવી

### નિર્દોષ વ્યકિતઓને સામાન્ય લાલચ આપીને થતાં મહાકૌભાંડથી સરકારી તિજોરીને વ્યાપક નુકસાન થતું હોય તે અટકાવવું જરૂરી

### તટસ્થ તપાસ થાય તો એક મોટી કડી હાથમાં લાગે તેવું અનુમાન થઈ રહ્યું છે

બાબરા, તા. ૬

બાબરામાં છેલ્લા ઘણાં દિવસોથી એક નવું કૌભાંડ માર્કેટમાં આવ્યું છે અને એમાં લાખો રૂપિયાનું ટર્ન ઓવર થઈ રહ્યું છે. નાના ગરીબ માણસોના આધાર કાર્ડ, પાનકાર્ડ અને ખાતા નંબર લઈને થોડી ઘણી પૈસાની લાલચ આપીને આ નાના માણસોના ખાતામાં લાખો રૂપિયા નાખવામાં આવે છે બાદમાં આ રૂપિયા પાછા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે અને તે નાના માણસના ખાતામાં રૂપિયા આવે છે તેમાંથી એક બે ટકા લેખે નાના માણસને રૂપિયા આપવામાં આવે છે. બોગસ પેઢીઓની રચના કરી મસમોટું જીએસટી કર ચોરીનું કૌભાંડ ચાલી રહ્યું છે. શહેરમાં આ કૌભાંડની ચર્ચાઓ પૂર જોશમાં ચાલી રહી છે.

આ કૌભાંડની યોગ્ય તપાસ કરવામાં આવે તો એક મોટી લાઈન હાથમાં આવે એમ છે અને અનેક નાના લોકો જે આ કાંડમાં ફસાઈ છે તે ફસાતાં અટકે એમ છે.

તાજેતરમાં નોયડામાંથી જીએસટીનું મોટું કૌભાંડ પકડાયું હતું જેમાં ૬.૫ લાખ લોકોનાં દસ્તાવેજો સાથે ચેડાં કરીને ૨૬૦૦ બોગસ પેઢીઓની રચના કરી રૂપિયા ૧૦.૦૦૦ કરોડની ગેરરીતિ આચરવામાં આવી હતી. આવી રીતે જ બાબરામાં પણ કૌભાંડ ચાલી રહ્યું છે તો યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તો મોટો પર્દાફાશ થાય એમ છે.

### શિક્ષણ અને શિક્ષણત્તર પ્રવૃત્તિઓમાં અગ્રેસર

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ઉત્સાહભેર વાલી મિલન યોજાયું

### નવા વર્ષનું સૌ પ્રથમ મિલન યોજાયું



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં શિક્ષણ અને શિક્ષણત્તર પ્રવૃત્તિઓમાં સદાઅગ્રેસર અમરેલીનાં લાઠી રોડ પર આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૦૫-૦૭-૨૦૨૩ના રોજ પ્રથમ વાલી મિલન યોજવામા આવ્યુ.

સમગ્ર ગ્રામ્ય વિસ્તારના તમામ વાલી ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ખાસ ઉપસ્થિત રહી પોતપોતાના કલેજાનાં ટૂકડાસમાં સંતાનોને વ્યવસ્થિત મળી પ્રગતિ જાણી. પોતાના સંતાનો ઘર ભૂલી ગયા તેવી સગવડ, ભોજન કાળજી, ઉત્સાહપૂર્વક મળતા પ્રેમ, લાગણી, સંવેદના જાણી શ્રીજી વિદ્યાર્થી ભુવનના સફળ સંચાલક દંપતિ દીપકભાઈ અને વિલાસબેન વઘાસિયાને હૃદયપૂર્વકના અભિનંદન આપી બાળપ્રેમી દંપતિની મુકતકંઠે પ્રસંશા કરી. વિશાળ મેદાનમાં અત્યંત ભાવક દ્રશ્યો જોવા મળ્યા.

આવેલ તમામ વાલીઓને તેમના સંતાનોની પ્રગતી ઉણપ વગેરેની વિસ્તૃત ચર્ચા આચાર્ય સમેત શિક્ષક સ્ટાફે માર્ગદર્શન પૂરૂ પાડયુ.

મન ભરી સંતાનોને મળી ગરમાગરમ ચા, નાસ્તો ભરપેટ કરી સહુએ વિદાય લીધી. કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલ સ્ટાફ, છાત્રાલય સ્ટાફના ભાઈઓ, બહેનોએ ભારે જહેમત ઉઠાવી.

### મુલાકાત દરમિયાન ડો. કાનાબારનાં જન્મદિવસની ઉજવણી કરાઈ

## અમરેલીમાં શરૂ થવા જઈ રહેલ આસ્થા બીમ્સ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે રૂપાલા અને સંઘાણી

### ડો. અશોક પરમાર, ડો. કથીરીયા, જયેશ ટાંક, અશ્વિન સાવલીયા પણ ઉપસ્થિત રહ્યાં





અમરેલી, તા. ૬

અમરેલી ખાતે આજરોજ આસ્થા બીમ્સ હોસ્પિટલની મુલાકાતે કેન્દ્રીય કૃષીમંત્રી પરશોતમભાઈ રૂપાલા તથા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણી તથા ડો. કાનાબાર આવેલ હતા.

ટુંકમાં જ શરૂ થવા જઈ રહેલ આસ્થા-બીમ્સ હોસ્પિટલનાં ઓર્થોપેડીક, કાર્ડીયક તેમજ ડાયાલીસીસ વિભાગની રસપૂર્વક મુલાકાત કરી. અમરેલીને મળનારી નવી જ અદ્યતન સગવડો બાબત ખુશી વ્યકત કરેલ હતી. આ તબક્કે આસ્થા બીમ્સ હોસ્પિટલનાં ડો. અશોક પરમારની લાગણીથી કેન્દ્રિયમંત્રી રૂપાલા તથા દિલીપભાઈ સંઘાણીની સંગાથે ડો. કાનાબારનાં જન્મદિવસની કેક કાપી શુભેચ્છાઓ આપેલ હતી.

આ તબક્કે અશ્વિનભાઈ સાવલીયા, જયેશભાઈ ટાંક, ડો. રાજુભાઈ કથીરીયા, કમલેશભાઈ કોરાટ, હિમાંશુભાઈ પટેલ, ડાયરેકટર બીમ્સ હોસ્પિ. રામભાઈ સાનેપરા, ચંદુભાઈ રામાણી ઉપસ્થિત રહેલ હતા.

### જુની અદાવતનો ખાર રાખી

## મોટી કુંકાવાવમાં યુવકને ૩ શખ્સોએ લાકડી વડે માર માર્યો

અમરેલી, તા. ૬, વડિયા તાલુકાનાં મોટી કુંકાવાવ ગામે રહેતા અજયભાઈ નજુભાઈ વાઘેલા નામનાં ૨૭ વર્ષિય યુવકને અગાઉના ઝગડાની અદાવત રાખી તે જ ગામે રહેતા કિશોરભાઈ કાળુભાઈ વાઘેલા સહિત ૩ ઈસમોએ લાકડી વડે માથાનાં ભાગે, શરીરે નાની-મોટી ઈજા કર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત
નૂતન કોમર્સ કોલેજ-અમરેલી
DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...
DMLT
B.Com
M.Com
પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો
DMLT, B.Com, M.Com
જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯












વ્રત નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક
શીંગપાક
માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
નમક વગરની મોળી
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




### સામાન્ય લોકો માટે જીવનનિર્વાહ મુશ્કેલ બન્યો

# શાકભાજીના ભાવ બાદ હવે ચોખાના ભાવ વધવાની શક્યતા

## આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાના ભાવ ૧૧ વર્ષની ટોચ પર પહોંચ્યા છે, હવે તે ભારતમાં પણ રંગ બદલી શકે છે

નવી દિલ્હી, તા.૬

દેશમાં ખાવા-પીવાની વસ્તુઓના ભાવ એટલા વધ્યા છે કે, સામાન્ય માણસનું જીવવું મુશ્કેલ બની ગયુ છે. તે પછી ટામેટા, લીંબુ હોય કે પછી દાળ બધાના ભાવ આસમાને પહોંચ્યા છે. આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાનો ભાવ ૧૧ વર્ષની ટોચ પર પહોંચી ગયો છે. અને હવે તે ભારતમાં પણ રંગ બદલી શકે છે. આવી સ્થિતિમાં ક્યાંક એવું ના બને કે, તમારે 'દાળ-ભાત' ખાવાના ફાંફા પડી જાય. આ વર્ષે અલ-નીનોની સ્થિતિ સર્જાવાને કારણે ભારતમાં ચોમાસાના વરસાદ પર સંકટ છે. જેની અસર ખેતી પર પડી રહી છે. તેનાથી ચોખાની ઉપજને અસર થવાની ધારણા છે. ભારત વિશ્વના સૌથી મોટા ચોખાના નિકાસકારોમાંનું એક છે અને અન્ય કોમોડિટીની સાથે આવો ભાવ વધારો એશિયા અને આફ્રિકાના ગરીબ વર્ગને તેમની પ્લેટમાંથી ચોખા ગાયબ કરવા અથવા વધુ પૈસા ચૂકવવા મજબૂર કરી શકે છે.

વિશ્વની ચોખાની નિકાસમાં ભારતનો હિસ્સો ૪૦ ટકાથી વધુ છે. વર્ષ ૨૦૨૨માં ભારતે ૫૬ મિલિયન ટન ચોખાની નિકાસ કરી હતી પરંતુ આ વર્ષે ઓછા સપ્લાયને કારણે તેની કિંમતો વધી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે તે વિશ્વભરમાં મોંઘવારીને થોડી વધુ ગરમી આપી શકે છે.

વિશ્વના ૩ અબજથી વધુ લોકો માટે ચોખા મુખ્ય ખોરાક છે. તેનું ૯૦ ટકાથી વધુ ઉત્પાદન એશિયામાં છે. ચોખાની ખેતી માટે પુષ્કળ પાણીની જરૂર પડે છે અને અલ-નીનોના કારણે આ વર્ષે એશિયા અને આફ્રિકા વિસ્તારમાં ચોમાસાની સ્થિતિ ચિંતાજનક બની છે.

આ હવામાનની અસર ચોખાના ભાવ પર પડે તે પહેલા જ વૈશ્વિક બજારમાં તેની કિંમતો ૧૧ વર્ષની ટોચે પહોંચી ગઈ છે. ભારતમાંથી નિકાસ થતા ચોખાના ભાવમાં ૯ ટકાનો વધારો થયો છે. આ ૫ વર્ષનું ઉચ્ચ સ્તર છે જ્યારે નવી સિઝનમાં સરકારે ચોખાના ખેડૂતોને ૭ ટકા વધુના દરે લઘુત્તમ ટેકાના ભાવ આપવાનું કહ્યું છે. આ કારણે સ્થાનિક બજારમાં પણ ચોખા મોંઘા થવાની ધારણા છે. ચોખાના ભાવમાં નવેમ્બરની આસપાસ ઘટાડો આવવાની શક્યતા છે. ભારતમાં ચોખાનો બીજો પાક નવેમ્બર મહિનામાં લેવામાં આવે છે. પછી સારી ઉપજને કારણે ભાવ નીચે આવી શકે છે. સરકારી ડેટા પ્રમાણે ઉનાળાની ઋતુમાં ચોખાનું વાવેતર ગયા વર્ષની સરખામણીમાં ૨૬ ટકા ઓછું રહ્યું છે. બીજી તરફ આ વર્ષે ચોમાસાનો વરસાદ પણ ૮ ટકા ઓછો છે.

### વૈજ્ઞાનિકોનો દાવો

# રાત્રે બ્રશ નહીં કરવાની આદત નોતરી શકે છે હાર્ટ એટેકનું જોખમ

## હોસ્પિટલમાં સર્જરી, એક્ઝામિનેશન અથવા મેડિકલ ટ્રીટમેન્ટ્સ લઇ રહેલા આ દર્દીઓને બે ભાગમાં વહેંચવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૬

કાર્ડિયોવસ્કયૂલર ડિઝીઝના કેસ વિશ્વમાં વધી રહ્યા છે, વૈજ્ઞાનિકો દ્વારા હાલના સમયમાં વધતા જતાં હાર્ટ એટેકના કેસ અને તેની પાછળના કારણોને લઈને અનેક સર્વે કરવામાં આવી રહ્યા છે. લેટેસ્ટ સ્ટડી અનુસાર, જે લોકો રાત્રે બ્રશ કરવાનું ટાળે છે, અથવા ક્યારેય રાત્રે સૂતા પહેલાં બ્રશ નથી કરતાં તેઓને હૃદયરોગની સંભાવના વધુ છે. દાંતની સફાઈ કરવી માત્ર સવારે ઉઠીને જ નહીં પણ રાત્રે કરવી પણ જરૂરી છે. સાયન્ટિફિક રિપોર્ટ્સ દ્વારા પ્રકાશિત આ રિસર્ચમાં સંશોધકોએ ૧,૬૦૦ દર્દીઓ પર રિસર્ચ હાથ ધર્યુ હતું, જેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં હતા. રિસર્ચના અંતે સંશોધકોએ નોંધ્યું કે મોંઢાની સફાઈ અને હૃદયરોગ સાથે સીધો સંબંધ છે. હોસ્પિટલમાં સર્જરી, એક્ઝામિનેશન અથવા મેડિકલ ટ્રીટમેન્ટ્સ લઈ રહેલા આ દર્દીઓને બે ભાગમાં વહેંચવામાં આવ્યા, જેમાંથી એક ગ્રૂપ દિવસમાં બે વખત બ્રશ કરતા વ્યક્તિઓનું હતું, જ્યારે બીજાં ગ્રૂપમાં એવા પેશન્ટ્સ હતા જેઓ ભાગ્યે જ બ્રશ કરતાં હતા. રિસર્ચ અનુસાર, જેઓ દિવસમાં બે વખત બ્રશ કરતાં હતા તેઓના કાર્ડિયોવસ્ક્યૂલર ડિઝીઝથી બચવાના રેટ્સ એવા દર્દીઓથી ઉંચા હતા જેઓ રાત્રે બ્રશ નહોતા કરતાં. સંશોધકોએ નોંધ્યું કે, આ રિસર્ચ દરમિયાન માત્ર સ્મોકર્સ જ નહીં પણ નોન-સ્મોકર્સ પણ રાત્રે બ્રશ કરવાની વાતને સહજતાથી લેતા હતા. આ સંશોધનના મુખ્ય લેખકોએ એ બાબત પર ભાર આપ્યો કે, માત્ર સવારે ઉઠીને બ્રશ કરવાથી તમારાં દાંતની સફાઈનું કામ પુરું નથી થતું. જો દાંતને સવાર-રાત્રે યોગ્ય રીતે સાફ કરવામાં ના આવે તો ઓરલ બેક્ટેરિયા તમારાં આતરડાંમાં પ્રવેશ કરી શકે છે અને શરીરને બીમારીઓનું ઘર બનાવી શકે છે. માત્ર એક પ્રદેશના પેશન્ટ્સને આધારિત આ રિસર્ચ સાથે અન્ય વૈજ્ઞાનિકોએ પણ સહમતિ દર્શાવી હતી. જો કે, સંશોધકોએ કોઈ પણ તારણ પર પહોંચતા પહેલાં આ અંગે વધુ માહિતી એકઠી કરવાની જરૂર હોવાનું જણાવ્યું છે. કારણ કે, જે ડેટા એકઠાં કરવામાં આવ્યા છે તે એવા વ્યક્તિ પર આધારિત હતા જેઓ પહેલેથી જ બીમાર હતા. વૈજ્ઞાનિકો અનુસાર, બ્રેકફાસ્ટ પહેલાં બ્રશ કરવું ખૂબ જ જરૂરી છે, પરંતુ જો તમારે કાર્ડિયોવસ્ક્યૂલર ડિઝીઝથી બચવું હોય તો તમારાં દાંતની રાત્રે પણ સફાઈ કરવી જરૂરી છે. નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સલાહ લો.

### હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદનો બીજો ધમાકેદાર રાઉન્ડ

# ૨૪ કલાકમાં ૧૭૩ તાલુકામાં વરસાદ, સિઝનનો કુલ ૩૪. ૫૦ ટકા વરસાદ

## ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૯ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૨૯ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૫ ટકા પાણીનો જથ્થો

અમદાવાદ, તા.૬

રાજયમાં હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદનો બીજો રાઉન્ડ શરુ થઈ ગયો છે અને આજથી આગામી પાંચ દિવસ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે ગઈકાલે મોડી રાતથી અત્યાર સુધીમાં વરસાદે તોફાની બેટિંગ કરી છે. ગઈકાલે અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે અનરાધાર વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે આણંદ, ખેડા અને બોટાદમાં મુશળધાર વરસાદ વરસ્યો છે.

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમા ૧૧ તાલુકામાં ત્રણ ઈંચ કરતા વધુ જ્યારે ૨૧ તાલુકાઓમાં ૨ ઈંચ કરતા વધુ અને ૬૬ તાલુકાઓમાં ૧ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ સાથે જ ખંભાતમાં ૫ ઈંચ, અમદાવાદમાં ૫ ઈંચ, નડિયાદમાં ૪.૫ ઈંચ, જલાલપોરમાં સવા ૪ ઈંચ, મોડાસા અને સિહોરમાં ૩.૫ ઈંચ વરસાદ, આણંદમાં ૩.૫ ઈંચ, તારાપુરમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

જ્યારે બોટાદ અને ધંધુકામાં સાંબેલાનીધાર ૩-૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે આગામી પાંચ દિવસ ભારે વરસાદને લઈને એલર્ટ પણ આપવામાં આવ્યુ છે. જેમા સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

મહીસાગર જિલ્લામાં પાંચ દિવસના વિરામ બાદ તમામ ૬ તાલુકામાં રાત્રે મુશળધાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી તેમજ અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

આ ઉપરાંત અરવલ્લીમાં વરસાદી માહોલ જામ્યો હતો અને વહેલી સવારે ધોધમાર વરસાદ તૂટી પડતા શહેરના માર્ગો પાણી પાણી થયા હતા અને કેટલાક વિસ્તારોમાં વીજળી ગૂલ થવાની પણ સમસ્યાઓ સામે આવી હતી તેમજ ભાવનગર શહેરમાં પણ બે દિવસના વિરામ બાદ ફરીથી વરસાદી માહોલ જોવા મળ્યો હતો અને સતત ચાર કલાક વરસાદ વરસતા શાળાના ગ્રાઉન્ડમાં પાણી ભરાતા કેટલીક શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસતા જળાશયોમાં નવા નીર આવ્યા હતા. ત્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૯ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૨૯ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૫ ટકા તેમજ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૯ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ સાથે જ રાજ્યના ૨૫ જળાશયો હાઈ એલર્ટ પર છે જેમા ૯૦ ટકાથી વધુ તેમજ ૧૩ જળાશયો એલર્ટ પર છે જેમા ૮૦ ટકાથી વધુ તથા ૧૨ જળાશયો વોર્નિંગ પર છે જેમા ૭૦ ટકાથી વધુ પાણીનો જથ્થો છે. આ ઉપરાંત રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૫૬ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો છે.

રાજ્યભરમાં સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે ત્યારે અત્યાર સુધીમાં રાજ્યનો કુલ ૩૪. ૫૦ ટકા વરસાદ થયો છે. જેમા ઝોન પ્રમાણે વાત કરીએ તો કચ્છમાં ૮૭ ટકાથી વધુ જ્યારે સૌરાષ્ટ્રમાં ૫૦ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતમાં૩૧ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાતમાં ૨૭ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત પૂર્વ મધ્યમાં ૨૪ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે.

### રામજન્મભૂમિની સુરક્ષામાં મહત્વનો ફેરફાર જોવાશે

# રામમંદિરની સુરક્ષા CISF ને સોંપવામાં આવે તેવી શક્યતા

## જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં પીએમ રામલલાના અભિષેક માટે આવશે, સીઆઈએસએફ સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરશે

અયોધ્યા, તા.૬

રામજન્મભૂમિની સુરક્ષામાં મહત્વનો ફેરફાર જોવા મળશે. હાલમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ પણ ત્રણ સ્તરીય સુરક્ષા ઘેરામાં સ્થિત આ સંકુલની દેખરેખની મહત્વપૂર્ણ જવાબદારી લેશે. જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં પીએમનરેન્દ્ર મોદી અહીં રામલલાના અભિષેક માટે આવશે. આ સ્થિતિમાં તેમના કાર્યક્રમ પહેલા સીઆઈએસએફઅહીં તેની સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરશે.

આ દળ ઐતિહાસિક ઈમારતોથી લઈને એરપોર્ટ, મેટ્રો રેલ અને અન્ય મોટી ઔદ્યોગિક સંસ્થાઓની સુરક્ષામાં નિષ્ણાત છે. સીઆઈએસએફના સુરક્ષા ઓડિટના આધારે રામ મંદિરની સુરક્ષા વ્યવસ્થામાં વ્યાપક ફેરફારોનું આયોજન કરવામાં આવ્યું છે. સીઆઈએસએફએ ગયા વર્ષે રામજન્મભૂમિ સંકુલનું સિક્યોરિટી ઓડિટ કરાવ્યું હતું, ત્યારથી એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે ભવિષ્યમાં રામ મંદિરની સુરક્ષા સીઆઈએસએફને સોંપવામાં આવી શકે છે. ગઈકાલે અહીં પહોંચેલા ડીજીસીઆઈએસએફશીલવર્ધન સિંહ અને ડીઆઈજીસુમંત સિંહે રામજન્મભૂમિ સંકુલનું નિરીક્ષણ કર્યું હતું. સીઆઈએસએફ અધિકારીઓની વધતી સક્રિયતાએ શક્યતા પર મહોર લગાવી દીધી છે.

એડીજીઝોન પિયુષ મોરડિયા, આઈજીરેન્જ પ્રવીણ કુમાર અને એસએસપીરાજકરણ નૈય્યર પણ તેમની સાથે હતા. અધિકારીઓએ ત્રણ કલાક સુધી પરિસરનું નિરીક્ષણ કર્યું હતું. સિક્યોરિટી ઓડિટ મુજબ કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

ભક્તોની અવરજવર માટેના માર્ગો જોવાની સાથે સાથે બેગ સ્કેનર વગેરેની સ્થાપનાની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ જરૂરિયાત અને અપેક્ષાઓ અંગે પણ ચર્ચા કરી હતી. સીઆઈએસએફની વ્યૂહરચના રામજન્મભૂમિ સંકુલને મહત્તમ ટેક્નિકલ સુરક્ષા કવચ પ્રદાન કરવાની છે, જેમાં ડ્રોન વિરોધી ટેક્નિકનો પણ સમાવેશ થાય છે. રેડ ઝોનની સાથે સાથે કેમ્પસને અડીને આવેલા યલો ઝોનના આઉટર એરિયા માટે સિક્યુરિટી ઓડિટમાં પણ આયોજન કરવામાં આવ્યું છે.

હાલ રામજન્મભૂમિની સુરક્ષામાં સીઆરપીએફ, પોલીસ અને પીએસીતૈનાત છે. ગર્ભગૃહની સુરક્ષા સીઆરપીએફને સોંપવામાં આવી છે. એડીજીઝોન પિયૂષ મોરડિયાએ જણાવ્યું કે સીઆઈએસએફના અધિકારીઓ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા આવ્યા હતા. દેશના એરપોર્ટ, તાજમહેલ, મેટ્રો અને અન્ય અનેક ઐતિહાસિક ઈમારતો અને મહત્વના સ્થળોની સુરક્ષામાં સીઆઈએસએફને સારો અનુભવ છે. એટલા માટે તેમના અનુભવનો ઉપયોગ રામ મંદિરની સુરક્ષા માટે કરવામાં આવી રહ્યો છે.

### દિલ્હીમાં NCP ઓફિસ બહાર લાગેલા પોસ્ટર હટાવાયા

# એનસીપીની ઓફિસ બહાર ગદ્દાર લખેલું પોસ્ટર

## દિલ્હીમાં નવા પોસ્ટરમાં લખવામાં આવ્યુ છે, સત્ય અને જૂઠની લડાઇમાં આખો દેશ શરદ પવાર સાથે છે

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં એનસીપીની ઓફિસ બહાર લાગેલા પોસ્ટરને હટાવી દેવામાં આવ્યા છે. આ પોસ્ટર પર શરદ પવાર સાથે અજિત પવાર અને પ્રફુલ પટેલની તસવીરો લાગેલી હતી. આ સાથે જ ગદ્દાર લખેલુ નવુ પોસ્ટર લગાવવામાં આવ્યુ છે.

નવા પોસ્ટરમાં લખવામાં આવ્યુ છે, સત્ય અને જૂઠની લડાઈમાં આખો દેશ શરદ પવાર સાથે છે અને ભારત દેશનો ઈતિહાસ છે કે તેને ક્યારેય વિશ્વાસઘાત કરનારાઓને માફ નથી કર્યો.

એનસીપીપ્રમુખ શરદ પવાર દિલ્હી પહોંચ્યા છે. સાથે જ સુપ્રિયા સુલે પણ ગયા છે. શરદ પવારે દિલ્હીમાં પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક બોલાવી છે.

બુધવારે અજિત પવાર જૂથ તરફથી નિવેદન જાહેર કરીને જાણકારી આપવામાં આવી છે ચૂંટણી પંચને એક સોગંદનામા દ્વારા જાણ કરવામાં આવી છે કે અજિત પવારને ૩૦ જૂને એનસીપીના સભ્યોએ બહુમતથી એનસીપી પ્રમુખ ચૂંટ્યા છે.

### રાજસ્થાન વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની બેઠક

# ચૂંટણી સાથે લડીને સરકાર બનાવવાનો સચીન પાયલોટનો હુંકાર

## બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ ખડગે, રાહુલ ગાંધી, મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલટ સહિતના નેતા હાજર

નવી દિલ્હી, તા.૬

આ વર્ષના અંતમાં યોજાનારી રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે આજે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, મુખ્યમંત્રી અશોક ગેહલોત, કોંગ્રેસ નેતા સચિન પાયલટ, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલ અને પાર્ટીના રાજ્ય પ્રભારી સુખજિંદર રંધાવા સહિત ઘણા નેતાઓએ હાજરી આપી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર, પાયલોટે મીટિંગ દરમિયાન કહ્યું કે, અમારા બધાનું એક જ જૂથ છે, તે છે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે જૂથ. તે જ સમયે, ટોચના નેતાઓએ ગેહલોત સરકારના વખાણ કર્યા, પરંતુ દલિત અત્યાચારના મામલામાં કડક પગલાં લેવા પણ કહ્યું છે. પ્રદેશ કોંગ્રેસના તમામ નેતાઓએ કહ્યું કે, હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તે સ્વીકારવામાં આવશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ખડગેના નેતૃત્વમાં રાજસ્થાન કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક યોજી હતી. તેમણે દાવો કર્યો કે, રાજસ્થાનમાં કોંગ્રેસ ફરી એકવાર સરકાર બનાવશે અને લોકોના સારા ભવિષ્ય માટે કામ કરવાનું ચાલુ રાખશે.

કેસી વેણુગોપાલે જણાવ્યું કે, આ બેઠકમાં સીએમ અને પીસીસી ચીફ સહિત રાજસ્થાન કોંગ્રેસના ૨૯ નેતાઓએ ભાગ લીધો હતો. તમામ નેતાઓએ સર્વાનુમતે નક્કી કર્યું કે, કોંગ્રેસ રાજસ્થાન ચૂંટણી જીતી શકે છે. આજે તમામ નેતાઓએ એક થઈને ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. તેમની જીતની ક્ષમતાના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

### ભારતીય રિઝર્વ બેંક સર્ક્યુલર બહાર પાડ્યો

# બેન્કના કોઈ પણ કાર્ડને તમામ નેટવર્ક ઉપર છૂટની વિચારણા

## દેશમાં રુપે કાર્ડને પ્રોત્સાહન આપવા નિર્ણયનું અનુમાન

નવી દિલ્હી, તા.૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગઈકાલે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડના નિયમોમાં ફેરફાર કર્યો હતો. બેંકે એક સર્ક્યુલર દ્વારા આ જાણકારી આપી હતી. આરબીઆઈદ્વારા લેવામાં આવેલા નિર્ણયો બાદ ડેબિટ, પ્રીપેડ કાર્ડના નિયમોમાં પણ ફેરફાર થઈ શકે છે. આ અંગે આરબીઆઈએ કહ્યું કે કોઈપણ કાર્ડનો ઉપયોગ કોઈ ચોક્કસ નેટવર્ક માટે નહીં પરંતુ તમામ નેટવર્ક માટે કરવાની છૂટ આપવી જોઈએ.

આરબીઆઈએ એક સર્ક્યુલર જારી કર્યો છે. આ સર્ક્યુલરમાં બેંકે કહ્યું છે કે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, પ્રીપેડ કાર્ડનો ઉપયોગ તમામ નેટવર્ક માટે થવો જોઈએ. બેંકે આ માટે લોકોનો અભિપ્રાય પણ માંગ્યો છે.

કાર્ડનો ઉપયોગ કરીને કોઈપણ વેપારીને આરામથી પેમેન્ટ કરી શકાય છે. કાર્ડ નેટવર્ક વેપારી અને કાર્ડધારક વચ્ચેના વ્યવહારોની સુવિધા આપે છે. કાર્ડ નેટવર્ક એક પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે છે. કાર્ડ નેટવર્ક આ માટે ફી પણ વસૂલ કરે છે. કાર્ડ નેટવર્ક કંપનીઓમાં ચાર મુખ્ય ક્રેડિટ કાર્ડ નેટવર્ક માસ્ટરકાર્ડ, વિઝા, અમેરિકન એક્સપ્રેસ અને ડિસ્કવર છે. આમાંની બે કંપનીઓ કાર્ડ ઈશ્યુઅર પણ છે. આ એમેક્સ અને ડિસ્કવર છે. જ્યારે પણ કાર્ડ વડે પેમેન્ટ કરવામાં આવે છે ત્યારે કાર્ડ નેટવર્ક દ્વારા એ નક્કી કરવામાં આવે છે કે ક્રેડિટ કાર્ડ દ્વારા કઈ કઈ જગ્યાએ પેમેન્ટ કરી શકાય છે. જો તમે ક્યારેય બે અલગ-અલગ ક્રેડિટ કાર્ડની સુવિધા જોશો તો તમને ખ્યાલ આવશે કે જે સુવિધા એક કાર્ડ પર ઉપલબ્ધ છે તે અન્ય કાર્ડ પર ઉપલબ્ધ નથી. દરેક વેપારી કે દુકાનદાર તમામ પ્રકારની કાર્ડ પેમેન્ટ સ્વીકારવા સક્ષમ નથી. તમે આને એવી રીતે સમજી શકો છો કે ઘણી જગ્યાએ વિઝા કાર્ડ કામ કરતું નથી અને કેટલીક જગ્યાએ માસ્ટર કાર્ડ કામ કરતું નથી. આ કારણે કેન્દ્રીય બેંક ક્રેડિટ કાર્ડ પેમેન્ટને લઈને આ નિયમો લાવવા જઈ રહી છે.

જો ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ અંગેના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે તો તેની સૌથી વધુ સકારાત્મક અસર રુપે કાર્ડ પર જોવા મળશે. એવું માનવામાં આવે છે કે ભારતીય રિઝર્વ બેંક દેશમાં રુપે કાર્ડને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લાવી રહી છે. અમેરિકન વિઝા અને માસ્ટરકાર્ડ પર તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. પરંતુ તેમના કાર્ડ નેટવર્કમાં રૂપે કાર્ડની એન્ટ્રી નથી.

### લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર એજન્સીઓએ શિકંજો કસ્યો

# ઈન્ટરપોલે ગેંગના વધુ બે સામે રેડ નોટિસ ઈસ્યુ

## બંને ગેંગસ્ટર ભારતથી ભાગી ગયા છે અને વિદેશમાં ક્યાંક બેસીને બિશ્નોઈનું નેટવર્ક ચલાવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૬

ભારતમાં અનેક મોટી હત્યાઓને અંજામ આપનાર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે એજન્સીઓ સકંજો કસ્યો છે.

હવે ઈન્ટરપોલે લોરેન્સ બિશ્નોઈ ગેંગના વધુ બે સહયોગીઓ સામે રેડ નોટિસ ઈસ્યુ કરી છે જેઓ આ ગેંગને વિદેશથી ચલાવી રહ્યા છે. એજન્સીઓના જણાવ્યા પ્રમાણે આ બંને ગેંગસ્ટર ભારતથી ભાગી ગયા છે અને વિદેશમાં ક્યાંક બેસીને બિશ્નોઈનું નેટવર્ક ચલાવી રહ્યા છે. આ બંને વિરુદ્ધ ભારતમાં ઘણા પ્રકારના કેસ દાખલ છે જે બાદ પોલીસ તેમને શોધી રહી હતી.

વિક્રમજીત સિંહ ઉર્ફે વિક્રમ બરાડ દુબઈમાં છુપાયો હોવાની આશંકા છે. બીજી તરફ કપિલ સાંગવાનનું નામ તાજેતરમાં કિસાન મોરચાના નેતાની હત્યામાં સામે આવ્યું હતું. કહેવાય છે કે, તે બ્રિટનમાં છુપાયેલો છે. આ બંને દેશોમાં ભારતીય એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. બિશ્નોઈ અને તેની ગેંગ સામે ચાલી રહેલા મોટાભાગના કેસ હવે એનઆઈએને સોંપવામાં આવ્યા છે.

એનઆઈએની તપાસમાં સામે આવ્યું છે કે બિશ્નોઈ અને તેની ગેંગના આઈએસઆઈ અને ખાલિસ્તાની કટ્ટરપંથીઓ સાથે સંપર્ક છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ છેલ્લા ઘણા સમયથી જેલમાં છે પરંતુ તેમ છતાં તેનો ડર સતત વધી રહ્યો છે. તેનું સૌથી મોટું કારણ બિશ્નોઈના મિત્ર ગોલ્ડી બરાડ છે.

જે બિશ્નોઈના ઈશારે વિદેશમાં બેઠેલા કોઈપણને મારી નાખે છે. આ ગેંગે પંજાબના પ્રખ્યાત ગાયક સિદ્ધુ મુસેવાલાની પણ હત્યા કરાવી હતી. તેથી જ એજન્સીઓનું સૌથી મોટું નિશાન અત્યારે ગોલ્ડી બરાડ છે.

### શેરબજારોએ આજે નવા રેકોર્ડ બનાવ્યા

# સેન્સેક્સ, નિફ્ટી નવી ઊંચાઈએ M&Mના શેરમાં ૫%નો ઉછાળો

## સેન્સેક્સ ૩૪૦ પોઈન્ટ વધી ૬૫,૮૩૩ની રેકોર્ડ સપાટીએ, નિફ્ટી ૯૯ પોઈન્ટ ઊછળીને ૧૯૪૯૭ની સપાટીએ

મુંબઈ, તા.૬

બુધવારની નબળાઈને પાછળ છોડીને સ્થાનિક શેરબજાર ગુરુવારે ફરી એકવાર નવી ઊંચાઈને સ્પર્શ્યું.

દિવસના કારોબાર દરમિયાન બીએસઈસેન્સેક્સ ૬૫,૮૩૨.૯૮ પોઈન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. તે જ સમયે, એનએસઈનિફ્ટીએ ૧૯,૫૦૦ ની સપાટી વટાવી હતી.

બજાર બંધ સમયે સેન્સેક્સ ૩૩૯.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકાના વધારા સાથે ૬૫,૭૮૫.૬૪ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૯૮.૮૦ પોઈન્ટ એટલે કે ૦.૫૧%ના વધારા સાથે ૧૯,૪૯૭.૩૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

સેક્ટોરલ ઈન્ડાયસિસની વાત કરીએ તો પાવર, ઓઈલ એન્ડ ગેસ અને રિયલ્ટી ઈન્ડેક્સ ૨-૨ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે. તે જ સમયે, ઓટો અને હેલ્થકેર સેક્ટરના શેરમાં એક ટકાનો વધારો થયો હતો. જ્યાં બીએસઈમિડકેપ ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. તે જ સમયે, સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો વધારો નોંધાયો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર સેન્સેક્સમાં સૌથી વધુ ૪.૯૭ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે પાવરગ્રીડ, ટાટા મોટર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, એક્સિસ બેંક, નેસ્લે ઈન્ડિયા, કોટક મહિન્દ્રા બેંક, એશિયન પેઈન્ટ્સ, વિપ્રો અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા.

મારુતિ, એચસીએલ ટેક, બજાજ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેંક, ટાટા સ્ટીલ અને ઈન્ફોસિસના શેર સેન્સેક્સ પર લાલ નિશાન સાથે બંધ થયા છે.

એલકેપીસિક્યોરિટીઝના ટેકનિકલ એનાલિસ્ટ રૂપક ડેએ આજે જણાવ્યું હતું કે બે દિવસના કોન્સોલિડેશન પછી, અપટ્રેન્ડને કારણે નિફ્ટ ફરી એકવાર નવી ઓલ-ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો.

એકંદરે, વલણ હકારાત્મક દેખાય છે અને ઈન્ડેક્સ મુખ્ય ટૂંકા ગાળાની મૂવિંગ એવરેજથી ઉપર રહે છે. આ પછી તરત જ રેઝિસ્ટન્સ લેવલ વિશે વાત કરીએ તો નિફ્ટીને ૧૯૫૦૦ લેવલ પર રેઝિસ્ટન્સનો સામનો કરવો પડી શકે છે. તે જ સમયે, નિફ્ટીને ૧૯૩૫૦-૧૯૩૦૦ પોઈન્ટની વચ્ચે સપોર્ટ મળી શકે છે.

અમેરિકી ડોલર સામે રૂપિયામાં આજે નબળાઈ જોવા મળી હતી. આજે ડોલર સામે રૂપિયો ૨૭ પૈસા ઘટીને ૮૨.૪૯ના સ્તર પર પહોંચ્યો હતો.

### ગુજરાતમાં ડ્રગ્સનો જથ્થો મોટા પ્રમાણમાં વારંવાર પકડાઇ રહ્યો છે

# ગુજરાતની સૌથી નાની વયની યુવતી ડ્રગ્સ પેડલર બની ગઈ

### પોલીસ દ્વારા અવાર નવાર તેનુ કાઉન્સેલિંગ કરી સુધારવાનો પ્રયત્ન કર્યો પણ છેવટે તે ન સુધરતા પોલીસે તેની પાસા હેઠળ જેલમાં ધકેલી

રાજકોટ, તા.૬

રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતમાં ડ્રગસનો જથ્થો મોટા પ્રમાણમાં વારંવાર પકડાઈ રહ્યો છે આની પાછળ ગુજરાતનું યુવાધન નશામાં બરબાદ થઈ રહ્યું છે. ગુજરાતની સૌથી નાની વયની યુવતી ડ્રગ બની ગઈ બે વખત લગ્ન કર્યા બે વખત છૂટાછેડા કર્યા પોલીસે પણ કાઉન્સેલિંગ કરી અનેક વખત સુધારવાનો કર્યો પ્રયાસ અંતે ન સુધરી અમી અને અમદાવાદ જેલમાં ધકેલાય પાસામાં..

રાજકોટની ડ્રગ્સના દુષણ સામે આકરી કાર્યવાહી ,ગુજરાતમા સૌથી નાની ઉંમરે પેડલર બનેલી યુવતીને અમી દિલીપ ચોલેરા સામે પાસા અટકાયતી કાર્યવાહી હાથ ધરી છે. NDPS એકટ હેઠળ પોલીસ કમિશનરે પાસા અટકાયત માટે દરખાસ્ત કરી હતી,અમી ચોલેરાની પાસા હેઠળ અમદાવાદની સાબરમતી જેલમા મોકલી આપવાની તજવીજ હાથ ધરી છે.

અમી ચોલેરા ની સામે રાજકોટ મા બે ગુના નોંધાયારાજકોટ પોલીસ એ અગાઉ ડ્રગ્સ ના દુષણ માંથી આ યુવતી બહાર આવે તે માટે કાઉન્સિલિંગ કર્યું હતું.

રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા શહેરમાં "SAY NO TO DRUGS" અભિયાન શરૂ કરવામાં આવ્યું અને તેમાં રાજકોટ શહેર SOG પોલીસ ને ખાસ જવાબદારી સોંપવામાં આવી હતી. રાજકોટ શહેરમાં એમડી ડ્રગનું વેચાણ કરતા પેડલરો પૈકી મોટા ભાગના પેડલરો હાલ જેલમાં છે પરંતુ છેલ્લા ઘણા સમયથી કોલેજીયનોને સોફ્ટ ટાર્ગેટ બનાવતી અમી દિલીપભાઈ ચોલેરા (ઉ.વ.૨૩) નામની સૌથી નાની ઉંમરની પેડલર પોલીસ પકડથી દૂર હતી અને પોતે સાતિર દિમાગથી ડ્રગનું વહેચાણ કરતી હતી.

અમીને પકડવા માટે ચાર મહિનાથી પોલીસ મહેનત કરતી હતી પરંતુ ડ્રગના જથ્થા સાથે પકડાતી ન હતી. પોલીસને એક સમયે પગેરું મળ્યું હતું જેમાં અમી રાજકોટ શહેરની કેટલીક જાણીતી કોલેજ ઉપરાંત હાઈવે ઉપર આવેલ કોલેજીયનને ટાર્ગેટ બનાવતી હોવાનું સામે આવ્યું હતું.

આ પછી છુપી રીતે પોલીસે અમીની પાછળ વોચ ગોઠવી હતી અને કોલેજીયન યુવાનની જ મદદ લઈ અમી સુધી પહોંચવા પ્લાન બનાવ્યો હતો. ચાર મહિના સુધી સતત વોચ રાખી પોલીસે ચાર થી પાંચ વખત તલાસી પણ લીધી હતી જો કે આ સમયે કશું હાથ લાગ્યું ન હતું.

અમી એટલી સાતિર હતી કે તે પોતે પોલીસ પકડથી મોટા ભાગે દૂર રહેતી હતી. કોઈ પુરાવા ન મળે માટે અમી તેમના ગ્રાહક ને MD ડ્રગની પડીકી બનાવીને વ્હેંચતી હતી જેમાં તે ૧ ગ્રામ પડીકીના રૂપિયા ૨૫૦૦ લેતી હતી જો કે કોઈ પણ ગ્રાહક જયારે ડ્રગ લેવા આવે ત્યારે તે તેને હાથો હાથ ડ્રગ આપતી ન હતી પરંતુ પોતે પહેલા કોઈ એક જગ્યા પર પહોંચી ડ્રગની પડીકી બોક્સ જેવી વસ્તુમાં કે અન્ય કોઈ જગ્યાએ સંતાડી દેતી હતી બાદમાં ગ્રાહક આવે તો તેની પાસેથી રૂપિયા મેળવી બાદમાં ત્યાંથી પોતે નીકળી જતી હતી અને થોડે દૂર જઈ તે ગ્રાહકને વોટ્સએપ કોલ કરી આ જગ્યા પર માલ પડેલ છે લઈ લેજો કહી ફોન મૂકી દેતી હતી.

જો કે આખરે ૩૧.૦૧.૨૦૨૩ ના રોજ રાજકોટ શહેર SOG પીઆઈ જે.ડી.ઝાલાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલની ચોક્કસ બાતમીના આધારે મહિલા પોલીસને સાથે રાખી રેસકોર્સ બાલભવનના ગેઈટથી અંદર પ્રમુખ સ્વામી પ્લેનેટેરિયમ બહાર અમી દિલીપભાઈ ચોલેરા (ઉ.વ.૨૩) ને પકડી પાડી અંગઝડતી લેતા તેની પાસેથી અલગ અલગ પડીકીમાં કુલ ૧.૨૩ લાખ કિંમતનો ૧૨.૩૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી ડ્રગ તેમજ એક્ટિવા અને મોબાઈલ સહીત કુલ ૧.૭૮ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### યુએનસીટીએડીના રિપોર્ટમાં ખુલાસો

# વિકસિત દેશોમાં સીધા વિદેશી રોકાણમાં ૩૭ ટકાનો ઘટાડો

### એશિયાઈ વિકાસશીલ દેશોમાં વર્ષ ૨૦૨૧ની જેમ જ ૬૬૨ અબજ ડોલરનું સીધુ વિદેશી રોકાણ આવ્યું

વોશિંગ્ટન, તા.૬

વિશ્વના વિકસિત દેશોમાં ગયા વર્ષે સીધા વિદેશી રોકાણમાં ૩૭ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ભારતમાં ૧૦ ટકા વધુ વિદેશી રોકાણ આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન એશિયાઈ વિકાસશીલ દેશોમાં ૨૦૨૧ની જેમ જ ૬૬૨ અબજ ડોલરનું સીધુ વિદેશી રોકાણ આવ્યું હતું. આ આંકડો વૈશ્વિક સ્તરે પ્રાપ્ત કુલ વિદેશી રોકાણનો અડધો ભાગ છે.

યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા ગઈકાલે જાહેર કરાયેલ વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ-૨૦૨૩ અનુસાર વિકસિત દેશોમાં ગયા વર્ષે કુલ ૩૭૮ અબજ ડોલર વિદેશી રોકાણ આવ્યું હતું. આ સાથે ભારતમાં ૪૯ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું હતું. ગયા વર્ષે લગભગ ૮૦ ટકા વિદેશી રોકાણ મેળવનારા ટોચના પાંચ દેશોમાં ભારત, ચીન, સિંગાપોર, હોંગકોંગ અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. ચીનમાં વિદેશી રોકાણ ૫ ટકા વધીને ૧૮૯ અબજ ડોલર પર પહોંચી ગયું છે. જો કે હોંગકોંગમાં તે ૧૬ ટકા ઘટીને ૧૧૮ અબજ ડોલર થયું હતું. આ જાહેર કરાયેલા રિપોર્ટ અનુસાર ગયા વર્ષે વૈશ્વિક વિદેશી રોકાણ ૧૨ ટકા ઘટીને ૧.૩ લાખ કરોડ ડોલર થયું હતું. યુક્રેન યુદ્ધ, ખાદ્યપદાર્થો અને ઊર્જાના ભાવમાં વધારો અને જાહેર દેવું વધવાને કારણે વૈશ્વિક વિદેશી રોકાણમાં ઘટાડો જોવા મળ્યુ છે. સિંગાપોરમાં ૧૪૧ અબજ ડોલરનું સૌથી વધુ વિદેશી રોકાણ મળ્યું છે, જે ૨૦૨૧ની સરખામણીમાં ૮ ટકા વધુ છે. વિયેતનામમાં વિદેશી સીધુ રોકાણ ૩૯ ટકા વધીને ૧૭ અરબ ડોલરની સર્વકાલીન ટોચે પહોંચ્યું છે. યુએનસીટીએડીનો રિપોર્ટ દર્શાવે છે કે વિકાસશીલ દેશો ૨૦૩૦ સુધીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હાંસલ કરવા માટે વાર્ષિક રોકાણની ખોટનો સામનો કરી રહ્યા છે. લક્ષ્યાં ક હાંસલ કરવા માટે જેટલું રોકાણ જરૂરી છે તેટલું ઓછું રોકાણ મળી રહ્યું છે. આ રોકાણનું નુકસાન હવે વધીને ૪ લાખ કરોડ ડોલર થઈ ગયું છે, જે ૨૦૧૫માં ૨.૫ લાખ કરોડ ડોલર હતું. વિકાસશીલ દેશોને રિન્યુએબલ એનર્જી સેકટરમાં દર વર્ષે લગભગ ૧.૭ લાખ કરોડ ડોલર રોકાણની જરૂર છે, જ્યારે તેમને ૨૦૨૨માં માત્ર ૫૪૪ અબજ ડોલરનું રોકાણ મળ્યુ હતું.

### રાણપુરની ભાદર નદીમાં નવા નીર આવ્યા

# બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતાં નદી, નાળા અને ચેકડેમો છલકાયા

### કોઝવે ઓવરફલો થતા મોટા જીજાવદર ગામે જવાનો રસ્તો બંધ થયો છે

બોટાદ, તા.૬

ગુજરાતના બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતાં નદી, નાળા અને ચેકડેમો છલકાયા છે. જ્યારે જિલ્લાના મોટા જીજાવદર અને સાગાવદર ગામ વચ્ચે આવેલો કોઝવે ઓવરફલો થયો છે.

કોઝવે ઓવરફલો થતા મોટા જીજાવદર ગામે જવાનો રસ્તો બંધ થયો છે. જ્યારે ગત રાત્રે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. તેમજ બોટાદ રાણપુરની ભાદર નદીમાં નવા નીર આવ્યા છે.

ઉપરવાસમાં પડેલા વરસાદના પગલે નવા નીર આવ્યા છે. જેના પગલે ભાદર નદી બે કાંઠે થઈ છે. તેમજ બોટાદ શહેર સહિત જિલ્લામાં ગત મોડી રાત્રે હતો સાર્વત્રિક વરસાદ થયો છે. જ્યારે ગઢડા તાલુકાના પાટણા ગામે નદી બે કાંઠે થઈ છે. ઢસા પાસેના પાટણા ગામે આવેલા રસનાળિયા નદીમાં પાણી આવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. જેમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે નદી બે કાંઠે થઈ છે. બોટાદ શહેર સહિત જિલ્લાના ગ્રામ્ય પંથકમાં વરસાદ પડ્યો છે.

### કોલેજિયમે હાઈકોર્ટના ચીફ જસ્ટિસોની ભલામણ કરી

# સુનીતા અગ્રવાલને ગુજરાતના ચીફ જસ્ટિસ બનાવવા ભલામણ

### બોમ્બે, ગુજરાત, તેલંગાણા, આંધ્ર, મણિપુર, ઓડિશા અને કેરળની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો માટે ભલામણ

નવી દિલ્હી, તા.૬

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટ કોલેજિયમે બુધવારે બોમ્બે, ગુજરાત, તેલંગાણા, આંધ્રપ્રદેશ, મણિપુર, ઓડિશા અને કેરળની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની નિમણૂકની ભલામણ કરી હતી. ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કે. જસ્ટિસ કૌલ અને જસ્ટિસ સંજીવ ખન્નાના ત્રણ સભ્યોના કૉલેજિયમે જસ્ટિસ સુનીતા અગ્રવાલને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનાવવાની ભલામણ કરી છે. જો કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી મળે તો નિમણૂક થયા બાદ તે હાઈકોર્ટની એકમાત્ર મહિલા ચીફ જસ્ટિસ હશે કારણ કે હાલમાં આ પદ પર કોઈ મહિલા પ્રતિનિધિત્વ નથી. બુધવારની બેઠકમાં કોલેજિયમે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાયને બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી છે.

કૉલેજિયમે તેલંગાણા રાજ્ય માટે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કર્ણાટક હાઈકોર્ટ (મૂળ હાઈકોર્ટઃ મધ્યપ્રદેશ)ના ન્યાયાધીશ જસ્ટિસ આલોક અરાધેની નિમણૂક કરવાની પણ ભલામણ કરી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ માટે કોલેજિયમે બોમ્બે હાઈકોર્ટ ચમૂળ હાઈકોર્ટ: જેએન્ડકેઅને લદ્દાખના ન્યાયાધીશ જસ્ટિસ ધીરજ સિંહ ઠાકુરના નામની ભલામણ કરી છે. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલને કોલેજિયમે મણિપુર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનાવવાની ભલામણ કરી છે. આ સાથે, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ઓડિશા હાઈકોર્ટ (મૂળ હાઈકોર્ટ: ત્રિપુરા)ના જસ્ટિસ સુભાસીસ તાલપાત્રાને ઓડિશા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ પણ કરી હતી. એ જ રીતે કેરળ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કોલેજિયમ દ્વારા ગુજરાત હાઈકોર્ટના જજ જસ્ટિસ આશિષ જે. દેસાઈની ભલામણ કરવામાં આવી છે. કોલેજિયમે નોંધ લીધી કે આ ન્યાયાધીશો વિવિધ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો તરીકે નિમણૂક પામવા માટે તમામ રીતે યોગ્ય છે અને તેથી તે તેમની નિમણૂકની ભલામણ કરે છે. જસ્ટિસ સુનિતા અગ્રવાલની ૨૧ નવે. ૨૦૧૧ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને હવે તેઓ તેમની મૂળ હાઈકોર્ટમાં સૌથી વરિષ્ઠ જજ છે. તેઓ પ્રમોશન બાદથી ત્યાં કામ કરી રહ્યાં છે અને દેશની સૌથી મોટી હાઈકોર્ટમાં ન્યાય આપવાનો ૧૧ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.

### વિન્ડીઝના પ્રવાસ માટે ટી૨૦ ટીમની જાહેરાત

# ટીમ ઈન્ડિયામાં રિંકુ સિંહની ઉપેક્ષાથી ચાહકોમાં નારાજગી

નવી દિલ્હી, તા.૬

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મુખ્ય પસંદગીકાર તરીકે નિમણૂક સાથે અજીત અગરકરે ૨૪ કલાકની અંદર પોતાની જવાબદારી નિભાવવાનું શરૂ કરી દીધું. વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ પર યોજાનારી ૫ મેચની ટી૨૦ સિરીઝ માટે ગઈકાલે રાત્રે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. પ્રશંસકોને આશા હતી કે રિંકુ સિંહને પણ આમાં સ્થાન મળશે, પરંતુ તેને ટીમમાં સ્થાન ન મળતાં બધાને આશ્ચર્ય થયું હતું.

ટેસ્ટ અને વનડે ટીમની જાહેરાત બાદ સતત ચર્ચા ચાલી રહી હતી કે ટી૨૦ ટીમમાં કેટલાંક નવા ખેલાડીઓને તક આપવામાં આવશે. આમાં રિંકુ સિંહનું નામ સૌથી આગળ ચાલી રહ્યું હતું. આઈપીએલની ૧૬મી સિઝનમાં રિંકુનું પ્રદર્શન જોયા બાદ ઘણા પૂર્વ ખેલાડીઓએ પણ તેને ટીમ ઈન્ડિયા સાથે રમવાનો હકદાર ગણાવ્યો હતો. આ સ્થિતિમાં પસંદગીકારો દ્વારા તેમની અવગણના કરવાના નિર્ણયને કારણે સોશ્યલ મીડિયા પર ફેન્સનો ગુસ્સો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

આઈપીએલની ૧૬મી સિઝન દરમિયાન કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમના ખેલાડી રિંકુ સિંહે ૧૪ મેચમાં ૫૯.૨૫ની એવરેજથી ૪૭૪ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેની એવરેજ ૧૪૯.૫૨ હતી. આખી સિઝન દરમિયાન તે ટીમ માટે મિડલ ઓર્ડરમાં ફિનિશર બેટ્સમેનની ભૂમિકા ભજવતો જોવા મળ્યો હતો.

પસંદગીકારોએ તિલક વર્મા અને યશસ્વી જયસ્વાલને તક આપી હતી પરંતુ હજુ સુધી રિંકુ સિંહને તક આપી નથી. રિંકુ સિંહ માત્ર આઈપીએલમાં જ નહીં પરંતુ ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ છેલ્લી કેટલીક સિઝનથી શાનદાર પ્રદર્શન કરતો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં તેણે ૪૧ મેચમાં ૫૮.૩૮ની એવરેજથી ૨૯૧૯ રન બનાવ્યા છે. જેમાં ૭ સદી અને ૧૯ ફિફ્ટીનો પણ સમાવેશ છે.

### મણિપુરમાં અવિરત હિંસા જારી

# મણિપુર સરકારે ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ પાંચ દિવસ લંબાવ્યો

ઈમ્ફાલ, તા.૬

મણિપુર સરકારે કહ્યું કે તેણે "શાંતિ અને જાહેર વ્યવસ્થામાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે" રાજ્યમાં ઈન્ટરનેટ સેવાઓના સસ્પેન્શનને પાંચ દિવસ સુધી લંબાવ્યું છે. હવે ૧૦મી જુલાઈના રોજ બપોરના ૩ વાગ્યા સુધી ઈન્ટરનેટ સેવાઓ બંધ રહેશે. ૩ મેના રોજ જાતીય સમુદાયો વચ્ચે અથડામણ ફાટી નીકળી ત્યારથી સત્તાવાળાઓએ રાજ્યમાં પ્રથમ વખત ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. સમયાંતરે તેને લંબાવવામાં આવતો રહ્યો છે. ગૃહ કમિશનર ટી. રણજિત સિંહ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "એવી આશંકા છે કે કેટલાક અસામાજિક તત્વો સોશિયલ મીડિયાનો વ્યાપકપણે ઉપયોગ કરીને ભડકાઉ તસવીરો, દ્વેષપૂર્ણ ભાષણો અને જાહેર ભાવનાઓને ઉશ્કેરતા વિડિયો સંદેશાઓ ફેલાવી શકે છે. જેનાથી શાંતિ અને કાયદો વ્યવસ્થા પર ગંભીર અસર કરી શકે છે.

રાજ્યમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચેની અથડામણમાં લગભગ ૧૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ૩ મેના રોજ પ્રથમ વખત હિંસા ફાટી નીકળી હતી જયારે મૈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતિના દરજ્જાની માંગના વિરોધમાં રાજ્યના પહાડી જિલ્લાઓમાં 'આદિવાસી એકતા કૂચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. મણિપુરની વસ્તીમાં મૈતેઈ સમુદાયના લગભગ ૫૩ ટકા લોકો છે અને તેઓ મોટાભાગે ઈમ્ફાલ ખીણમાં રહે છે. આદિવાસી નાગાઓ અને કુકીઓની વસ્તી ૪૦ ટકા છે અને તેઓ પહાડી જિલ્લાઓમાં રહે છે.

### ૯૦ના દાયકામાં કરાઈ હતી ATSની રચના

# ગુજરાત ATSના કર્મીઓને પણ રિસ્ક એલાઉન્સ અપાશે

### જાહેરાત પ્રમાણે બેઝિક પગાર એટલે કે ૨૪ હજારના ૪૫ ટકા એટલે રૂ.૧૦,૮૦૦ થાય, જે મેમોરેન્ડમ થયા પછી પગારમાં વધીને આવશે

અમદાવાદ, તા.૬

ગુજરાત ATS આતંકવાદ વિરોધી પ્રવૃત્તિને રોકવા માટે તથા અન્ય ગંભીર ગુનાને રોકવા માટેની કામગીરી કરે છે. જોકે, આ કામગીરી માટે ગૃહ વિભાગ દ્વારા ATSના તમામ અધિકારી અને પોલીસકર્મીને કોઈ પણ પ્રકારનું રિસ્ક એલાઉન્સ આપવામાં આવતું નથી. ATSની ટીમે કરોડો રૂપિયાનું ડ્રગ્સ મધ દરિયેથી પકડીને પાકિસ્તાનીઓની ધરપકડ કરી છે ત્યારે થોડા દિવસ પહેલાં અલ કાયદાના ચાર બાંગ્લાદેશીની ધરપકડ કરી છે. જે આતંકી સંગઠન અલ કાયદા સાથે જોડાયેલા હતા. આ સિવાય ઈસ્લામિક સ્ટેટ આતંકી સંગઠન (આઈએસકેપી)ના આતંકીની ધરપકડ કરી હતી. ATS કેટલું રિસ્ક ઉઠાવે છે તેની સૌ કોઈને ખબર છે ત્યારે હજુ સુધી તેમને રિસ્ક એલાઉન્સ આપવામાં આવતું નથી. બીજાં રાજ્યમાં ATSના કર્મચારીઓને મળતાં રિસ્ક એલાઉન્સની જેમ ગુજરાત ATSમાં પણ રિસ્ક એલાઉન્સ શરૂ કરવા માટે ATSના ઉચ્ચ અધિકારીએ વર્ષ ૨૦૧૧માં ગૃહ વિભાગને દરખાસ્ત મોકલી હતી. જોકે હજુ સુધી તે દરખાસ્ત પાસ નથી થઈ ત્યારે થોડા સમય પહેલાં ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ રિસ્ક એલાઉન્સ શરૂ કરવા માટેની વાત કરી હતી. એક દાયકાથી વધુ ગુજરાત ATSના કર્મચારીને રિસ્ક એલાઉન્સ આપવાની જાહેરાત ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ કરી હતી. કોસ્ટલ ઈન્ટર્નલ સિક્યોરિટીની રિવ્યુ બેઠકમાં રિસ્ક એલાઉન્સ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. જેમાં ATSમાં ફરજ બજાવતા તમામ કર્મચારીને પાંચમા પગારપંચ પ્રમાણે બેઝિક પગારના ૪૫ ટકા જેટલું આપવામાં આવે તેવી જાહેરાત થઈ હતી. ગૃહ વિભાગ દ્વારા ATSને દરખાસ્ત થોડા સમયમાં પાસ કરતાં તેમનું રિસ્ક એલાઉન્સ શરૂ થઈ જશે. ૯૦ના દાયકામાં દેશભરમાં ચાલી રહેલી આતંકી પ્રવૃત્તિઓને ડામવા માટે એન્ટી ટેરરિસ્ટ સ્કવોડની રચના કરવામાં આવી હતી. આ સ્કવોડમાં કામગીરી કરનારા તમામ પોલીસકર્મીને જે તે રાજ્યના ગૃહવિભાગ દ્વારા રિસ્ક એલાઉન્સ પેટે દોઢો પગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવાં અનેક રાજ્યમાં રિસ્ક એલાઉન્સ આપવામાં આવી રહ્યું છે પરંતુ ગુજરાતમાં આજ સુધી કોઈ પણ પ્રકારનું રિસ્ક એલાઉન્સ ગૃહ વિભાગ દ્વારા મળ્યું નથી. રાજ્યમાં અત્યાર સુધી પ્રધાનની સુરક્ષામાં જોડાયેલા કર્મચારી અને ચેતક કમાન્ડોને જ રિસ્ક એલાઉન્સ આપવામાં આવતું હતું.

જેની સામે ગુજરાત છ્જી પાછલાં કેટલાક સમયથી દુશ્મન દેશના ડ્રગ્સ માફિયા સાથે બાથ ભીડીને નાર્કો ટેરરનું નેટવર્ક તોડવામાં સફળ છે. જેના પગલે છ્જીના અધિકારીથી માંડીને કર્મચારી અને તેમના પરિવાર પર જોખમ વધ્યું હતું. તાજેતરમાં આઈએસકેપીના આતંકીઓના મોડ્યુલનો પર્દાફાશ છ્જીની ટીમે કર્યો હતો. મુંબઈના ૨૬/૧૧ના હુમલા કરતાં પણ ખતરનાક આતંકી હુમલા કરવાનું કાવતરું આતંકવાદીનું હતું. જોકે, છ્જીની ટીમે તેમની ધરપકડ કરી હતી. આ સિવાય મધદરિયેથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં સૌથી મોટો ફાળો છ્જીનો છે. આવા ખતરનાક ઓપરેશન પાર પાડવા માટે છ્જીની ટીમ અનેક રિસ્ક ઉઠાવે છે. જેનું તેમને રિસ્ક એલાઉન્સ મળતું નથી. ગુજરાત સહિત દેશનાં તમામ રાજ્યની છ્જીને રિસ્ક એલાઉન્સ આપવામાં આવે છે.

ATSના આઈજી દીપેન ભદ્રને જણાવ્યું છે કે રિસ્ક એલાઉન્સની ફાઈલ ગૃહ વિભાગમાં છે. થોડા દિવસમાં રિસ્ક એલાઉન્સ શરૂ થઈ જશે.ોઈ પણ પોલીસકર્મીનું જ્યારે છ્જીમાં ટ્રાન્સફર થાય ત્યારે તેમને રિસ્ક એલાઉન્સ શરૂ થઈ જાય છે જ્યાં સુધી જે તે પોલીસકર્મી છ્જીમાં ફરજ બજાવે ત્યાં સુધી તેમને રિસ્ક એલાઉન્સ મળે છે પરંતુ જ્યારે તે છ્જીમાંથી ટ્રાન્સફર થઈ જાય ત્યારે રિસ્ક એલાઉન્સ બંધ થઈ જાય છે.

પાંચમા પગારપંચ પ્રમાણે રિસ્ક એલાઉન્સ આપવામાં આવશે. હાલ ગુજરાત પોલીસમાં સાતમા પગારપંચનો અમલ કરવામાં આવે છે. જોકે રિસ્ક એલાઉન્સ પાંચમા પગારપંચ પ્રમાણે મળશે. એક કોન્સ્ટેબલનો પગાર પાંચમા પગારપંચ પ્રમાણે અંદાજે ૪૫ હજાર હતો. જેમાં બેઝિક પગાર ૨૪ હજાર હતો.

જયારે બાકીનાને એલાઉન્સ અને મકાન ભાડું તથા ડીએ ચૂકવાતું હતું. હવે જાહેરાત પ્રમાણે બેઝિક પગાર એટલે કે ૨૪ હજારના ૪૫ ટકા એટલે રૂ.૧૦,૮૦૦ થાય. જે મેમોરેન્ડમ થયા પછી પગારમાં વધીને આવશે

### રાજદ્વારીઓ પર સાધ્યું નિશાન

# ખાલિસ્તાનીઓએ UKમાં Kill India રેલીની યોજના બનાવી

### આની સાથે ખાલિસ્તાન ફ્રિડમ રેલીની જાહેરાત કરતા પોસ્ટર પણ આવા ટ્વિટર હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યા હતા

લંડન, તા.૬

સપ્તાહના અંતે સાન ફ્રાન્સિસ્કોના ભારતીય વાણિજ્ય દૂતાવાસને આગ લગાવ્યાના થોડા દિવસો પછી, ૮ જુલાઈના રોજ લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર ખાલિસ્તાની **Kill India** રેલીને પ્રોત્સાહન આપતું પોસ્ટર ટ્વિટર પર સામે આવ્યું છે.

કેટલાક હાર્ડુહ ટ્વિટર એકાઉન્ટ્સ કે જેમાં પ્રત્યેકના ૧૦થી ઓછા ફોલોઅર્સ છે, જે બધા જૂન ૨૦૨૩માં બનાવવામાં આવ્યા હતા. બુધવારે આવા એકાઉન્ટ આ મુદ્દાને અનુસરીને જ ટ્વીટનો પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન વિવિધ પત્રકારો કે જે ભારતીય મીડિયા માટે લખે છે તેમને ટેગ પણ કરાયા હતા. ટ્વીટમાં ૮ જુલાઈના રોજ બપોરે ૧૨ વાગ્યે ખાલિસ્તાન ફ્રીડમ રેલીની જાહેરાત કરતું પોસ્ટર વાયરલ થયું હતું. જે પોસ્ટરમાં યુકેમાં ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામી અને ભારતના કોન્સલ-જનરલ ડૉ. શશાંક વિક્રમના ફોટા હતા. આની સાથે ઉલ્લેખ કરાયો હતો કે લંડનમાં ભારતીય દૂતાવાસની બહાર રાત્રે ૧૨.૩૦ વાગ્યે આયોજન કરાયું છે. આ પોસ્ટર શીખ ફોર જસ્ટિસ દ્વારા બનાવવામાં આવ્યું હોય તેવું અનુમાન લગાવાઈ રહ્યું છે, જેનું નામ તેને બ્લોઝોન કરે છે અને જે અનઓફિશિયલ ખાલિસ્તાન લોકમત પાછળ છે. ડેઝિકનેટેડ ટેરરિસ્ટ અને ખાલિસ્તાન તરફી નેતા હરદીપ સિંહ નિજ્જરને કેનેડામાં ૧૮ જૂનના રોજ બે અજાણ્યા શખ્સોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

અન્ય એક ટ્વીટમાં શીખ્સ ફોર જસ્ટિસના યુએસ સ્થિત જનરલ કાઉન્સેલ ગુરપતવંત સિંહ પન્નુનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે દાવો કરે છે કે : "વૈશ્વિક શીખ સમુદાય પંજાબને આઝાદ કરવા માટે શાંતિપૂર્ણ અને લોકશાહી પ્રક્રિયાની રચના કરી રહ્યો છે. દરેક ભારતીય રાજદ્વારી, પછી ભલે તે યુકે, યુએસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અથવા યુરોપિયન દેશોમાં હોય તેઓ નિજ્જરની હત્યા માટે જવાબદાર છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી યુકેના પ્રમુખ કુલદીપ શેખાવતે કહ્યું કે પન્નુનને આ પ્રકારની યુક્તિઓથી શું ફાયદો થશે? બર્મિંગહામમાં ભારતીય હાઈ કમિશનર અને અમારા સીજીનું પોસ્ટર સ્પષ્ટપણે તેમની હતાશા દર્શાવે છે.

ભારતીય ડાયસ્પોરા તરફથી કોઈ ખાલિસ્તાની સમર્થન નથી અને તે એક ખોટી માહિતી ઝુંબેશની સ્પષ્ટ કહાણી છે જે કેટલાક ગુમરાહ થયેલા શીખો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સાચો શીખ ભારત માટે છે અને હંમેશા રહેશે. કેનેડા, યુએસ અને ઓસ્ટ્રેલિયામાં ભારતીય રાજદ્વારીઓના ફોટોગ્રાફ્સ ધરાવતા અને ભારતીય મિશનની બહાર ૮ જુલાઈએ ખાલિસ્તાન રેલીઓને પ્રોત્સાહન આપતા સમાન પોસ્ટરો પણ ઓનલાઈન દેખાયા છે.

### ગુજરાતના IPS બેડામાં બઢતીની મોસમ

# રાજયનાં પાંચ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન અપાયું

ગાંધીનગર, તા.૬

રાજયનાં ગૃહ વિભાગ દ્વારા પાંચ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમા અતુલકુરમાં બંસલને આસિસ્ટન્ટ કમિશ્નર, આલોક કુમારને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ, શિવમ વર્માને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ. જગદીશ બંગારવા તેમજ અભિષેક ગુપ્તાને આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

પાંચ IPS નાં પ્રમોશનની સાથે સાથે આગામી ટૂંક સમયમાં રાજ્યનાં કેટલાક IPS અધિકારીઓની બદલીનો તખ્તો પણ તૈયાર થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદનાં પૂર્વ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તને નિવૃત થયાને બે મહિનાં જેટલો લાંબો સમય વીતવા છતાં હજુ પણ અમદાવાદ પોલીસ કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી નથી.

ત્યારે હવે આગામી સમયમાં IPS અધિકારીઓની બદલીની જાહેરાત થયા બાદ અમદાવાદ પોલીસ કમિશ્નરની ગૃહ વિભાગ દ્વારા નિમણૂંક કરવામાં આવે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે

# અમરેલીમાં પ્રસંગ ફાઉન્ડેશન દ્વારા ગરીબ અને નાના બાળકોમાં ખુશીઓ વહેંચવાનું આયોજન થયું



અમરેલીની સેવાકીય સંસ્થા પ્રસંગ ફાઉન્ડેશન દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આ અંતર્ગત આજરોજ અમરેલીના વિવિધ વિસ્તારોમાં ગરીબ બાળકોને બિસ્કીટ અને ચોકલેટ સ્વરૂપે ખુશીઓ વહેંચવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં મનીષભાઈ રામાણી (ભાણાભાઈ ગેરેજવાળા) તથા વિવિધ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સત્યમ રાણા તથા પુષ્ટિ રાદડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિશેષમાં પ્રસંગ ફાઉન્ડેશનના ફાઉન્ડર રાકેશ નાકરાણીએ જણાવ્યું હતું કે અમારી સંસ્થા ખાસ લોકો અંગત, સમાજિક, વ્યવસાયિક કે શાળાકીય જીવનમાં વિદ્યાર્થીઓ હતાશામાં આવીને કે થાકીને પોતાનું જીવન ટુંકાવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં અમારી સંસ્થા સ્યુસાઈડ અવેસરનેસ (આત્મહત્યા જાગૃતિ)માં વિશેષ કામ કરે છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ભાજપ અગ્રણી ડો. કાનાબારનાં

જિલ્લાભરમાંથી આમથી લઈને ખાસ આદમીઓએ પણ ડો. કાનાબારનાં જન્મદિને શુભેચ્છાઓનો વરસાદ કર્યો હતો.

અમરેલી જિલ્લામાં ભાજપ માટે આજનો દિવસ નવા સમીકરણો રચે તો નવાઈ નહી રહે. કારણ કે જિલ્લા ભાજપનાં સર્વોચ્ચ નેતા દિલીપ સંઘાણી સાથે ડો. કાનાબારને દાયકાઓથી અનેક બાબતોને લઈને ચાલતો મતમતાંતર આજે દૂર થયો હોય તેવું દ્રશ્ય ઉભું થયું હતું અને ડો. કાનાબારનાં જન્મદિનની ઉજવણીમાં દિલીપ સંઘાણી અને કેન્દ્રીય મંત્રી રૂપાલા હરખભેર જોડાતા જિલ્લાનાં રાજકારણમાં આગામી દિવસોમાં નવા દ્રશ્યો જોવા મળશે. લોકસભાની આગામી ચૂંટણી, જિલ્લા સંગઠન સહિતનાં મામલે નવા સમીકરણો ઉભા થયા હોય અમરેલી બેઠકનાં લોકસભા માટે કોઈ નવા ઉમેદવાર સામે આવે તો નવાઈ પામવા જેવું નહી રહે તેવું લાગી રહ્યું છે.


**નામ બદલાવેલ છે**

આથી હું **ભાદાણી યજ્ઞેશ અશોકભાઈ** જાહેર કરૂ છું કે મારૂ નામ બદલીને હવે પછી, **સ્વામી નિલકંઠ સ્વરૂપદાસજી ગુરૂ આનંદસ્વરૂપદાસજી** બદલાવેલ છે. હવે પછી હું આ નામથી ઓળખાઈશ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

લી. સ્વામીનિલકંઠ સ્વરૂપદાસ
ગુરૂ આનંદસ્વરૂપદાસ
મુ. વડીયા, જિ. અમરેલી.
મો. ૯૬૬૪૯૭૬૦૭૧

**Name has been changed**

I here by declare **Bhadani Yagnesh Ashokbhai** that my name has been changed from now on to **Swami Nilakanth Swarupdasji Guru Anandswarupdasji.** Henceforth I shall be known by this name. Public should take note.

Swami Nilakanth
Swarupdas
Guru Anandaswarupdas
At. Vadia, Dist. Amreli.
Mo. 9664976071


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૧૦ | ૧૪૧૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૫ | ૧૪૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૦ | ૨૦૯૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૮૦ | ૧૯૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૭૦ | ૩૧૬૧ |
| ૬ | તલ કાળા | ૨૫૬૦ | ૩૨૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૫૦ | ૩૪૦૨ |
| ૮ | બાજરો | ૨૩૩ | ૪૪૪ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૯૬૬ |
| ૧૦ | ઘઉં બંસી | ૪૩૭ | ૪૩ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૨૨ | ૫૪૩ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૭૬ | ૪૮૫ |
| ૧૩ | મગ | ૧૪૧૨ | ૧૪૧૨ |
| ૧૪ | અડદ | ૧૬૫૧ | ૧૭૦૧ |
| ૧૫ | ચણા | ૭૫૦ | ૯૭૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૦૩ | ૧૦૦૩ |
| ૧૭ | તુવેર | ૧૦૫૦ | ૧૭૯૦ |
| ૧૮ | કપાસ | ૯૫૦ | ૧૪૫૫ |
| ૧૯ | એરંડા | ૧૦૮૯ | ૧૧૫૦ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૩૫૧ |
| ૨૧ | ધાણી | ૧૨૦૦ | ૧૪૬૪ |
| ૨૨ | અજમા | ૨૯૯૦ | ૩૦૨૫ |
| ૨૩ | મેથી | ૯૦૦ | ૧૨૪૮ |
| ૨૪ | સોયાબીન | ૭૩૮ | ૯૪૫ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં શ્રીમતિ એસ.એચ. ગજેરા

શાળામાં ફાળવવા માટે અશોકભાઈનાં તત્કાલ નિર્ણયથી શિક્ષણક્ષેત્રે અમરેલીનાં છેવાડાનાં ગામડેથી આવતા બાળકો માટે મેગા સીટીમાં મળતી સુવિધા સાથેનું શિક્ષણ મળશે. જેના કારણે વાલી અને વિદ્યાર્થીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. લક્ષ્મી ડાયમંડ તરફથી મળતા સ્માર્ટ કલાસમાં બાલમંદિરથી ધોરણ–૧૨ સુધીનાં વિદ્યાર્થીઓને સ્માર્ટ શિક્ષણ મળશે. અમરેલી જિલ્લામાં સુવિધાઓ અને બોર્ડનાં પરિણામમાં અવ્વલ એવી અમરેલી જિલ્લ વિદ્યાસભામાં સ્માર્ટ શિક્ષણ મળતા અમરેલી જિલ્લાની એકમાત્ર એક એવી સંસ્થા હશે કે જયાં અભ્યાસ, સ્પોર્ટસ, અધર એકટીવીટી, સ્કિલ સ્કૂલનાં સમન્વય સાથેની શ્રેષ્ઠ સંસ્થા બની રહી છે. સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્નદ્રષ્ટા પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા સતત માર્ગદર્શન મળતું રહે છે. સ્કૂલ–હોસ્ટેલમાં ઉત્તમ સુવિધાઓ મળે તે માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહે છે. નોંધનીય છે કે આ વર્ષે બેસ્ટ સ્કૂલ એવોર્ડ–૨૦૨૩ કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા મળેલ છે.

આવનારા ભવિષ્યમાં વધુ સુવિધાઓ માટે લક્ષ્મી ડાયમંડ હંમેશા સહકાર આપતા રહેશે, ગજેરા પરિવાર વતનનું ઋણ ચુકવવા હંમેશા તૈયાર રહે છે. જેનું આ ઉત્તમ ઉદાહરણ છે. તેમના આ પ્રયાસને વિદ્યાસભા પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને તેમની સેવાને બિરદાવે છે.

આ તકે સંસ્થાનાં બાળકો માટે સુવિધાઓમાં વધારો કરવા બદલ મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ, ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ આભાર વ્યકત કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં

ચંદુભાઈ ભોજવીયા, ગોપાલભાઈ હળવદીયા, જયદિપભાઈ હળવદીયા અને સાગરભાઈ હળવદીયાની અટકાયત કરેલ છે.

આ કામગીરીમાં પીએસઆઈ પી.વી. સાંખટ, એએસઆઈ નરેનદ્રસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ મારૂ, બુધાભાઈ દિહોરા, પોલીસ કોન્સ્ટેબલ સલીમભાઈ ભટ્ટી, જયદેવસિંહ ગોહિલ પણ જોડાયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં વ્હેલી સવારે વરસાદ

સાવરે ૬ થી ૭ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૬ મીમી વરસાદ નોંધાયો હતો જેને લઈ સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

છેલ્લા કેટલાંક દિવસોથી વાતાવરણમાં ભારે બફારો વર્તાઈ રહ્યો હોય ત્યારે આજે વ્હેલી સવારે વરસાદ ફરી શરૂ થયો હતો.

અમરેલી જિલ્લામાં સાંજના ચાર વાગ્યા સુધીમાં કુંકાવાવ–વડિયામાં ૨૧ મીમી, બાબરામાં ૫ મીમી, લાઠીમાં ૫ મીમી, લીલીયામાં ૪ મીમી, અમરેલીમાં ૬ મીમી, બગસરામાં ૧૨ મીમી, ધારીમાં ૪ મીમી, સાવરકુંડલામાં ૩ મીમી તથા ખાંભામાં ૩ મીમી વરસાદ નોંધાયો હતો.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૫૭૧ |
| ૨ | શીંગદાણા | ૧૬૦૦ | ૨૦૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૨૦ | ૩૧૨૬ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૪૦ |
| ૫ | જીરૂ | ૧૧૦૦૦ | ૧૨૫૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૪૭૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૦૦ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૨૪ |
| ૧૦ | જુવાર | ૫૫૧ | ૯૯૦ |
| ૧૧ | મગ | ૧૪૫૦ | ૧૭૫૧ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૯૫૦ |
| ૧૩ | તુવેર | ૧૪૭૫ | – |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| ૧૫ | સોયાબીન | ૮૨૦ | ૯૨૦ |

## ખાંભા કન્યાશાળાનું ગૌરવ






ખાંભા, તા. ૬

ખાંભા ગામની ખાંભા કન્યા શાળાની વિદ્યાર્થીનીએ જ્ઞાન સાધના પરીક્ષામાં ઝળહળતી સિધ્ધી પ્રાપ્ત કરી છે. કૃપાલીબા જસવંતસિંહ રાઠોડે ૧૨૦ ગુણમાંથી ૯૯ ગુણ પ્રાપ્ત કરી. ખાંભા તાલુકામાં પ્રથમ ક્રમાંક અને અમરેલી જિલ્લામાં ચતુર્થ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તેમજ બીજી વિદ્યાર્થીની હેમાંગી ધર્મેન્દ્રભાઈ આંબલીયાએ ૧૨૦ ગુણમાંથી ૬૨ ગુણ પ્રાપ્ત કરી મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ખાંભા તાલુકાના બી.આર.સી.–કો., સી.આર.સી.–કો. તથા ખાંભાનાં તમામ શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા છે.

## સાવરકુંડલાનાં વલ્લભદાસ બાપુએ ૪૫મી વાર રકતદાન કરી માનવતાની મહેક ફેલાવી



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલામાં સ્વામી નિર્દોષાનંદ સરસ્વતી આશ્રમે ગુરૂપૂર્ણિમાના દિવસે ૪૫ મી વખત રકતદાન કરી વલ્લભદાસ બાપુએ માનવતાની મહેક ફેલાવી હતી.

૪૫ માં રકતદાન વખતે નિર્દોષાનંદ સ્વામી આશ્રમમાં સંત શ્રી ભોલેનંદસ્વામી તેમજ સંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા તથા વિશાળ ભકતજનો ગુરૂપૂર્ણિમાના દિવસે હાજર હતા.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૮૬ | ૧૪૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૦૫૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૪ | બાજરો | ૪૪૧ | ૪૪૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૪ | ૪૮૦ |
| ૬ | જુવાર | ૫૫૦ | ૧૦૫૦ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | અડદ | ૧૫૫૦ | ૧૮૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું શાસકો મોંઘવારી કે મણીપુરનો

આપવામાં આવી રહ્યું છે. યુપીએ સરકાર વખતે આંત્તરરાષ્ટ્રીય સ્તરે જે ભાવ હતો તેનાથી અર્ધો ભાવ હોવા છતાં પણ દેશવાસીઓને ૧૦ વર્ષનાં ભાવો કરતાં અર્ધા ભાવે પેટ્રોલ–ડીઝલ મળવું જોઈએ તેને બદલે દોઢા ભાવે પેટ્રોલ–ડીઝલ ખરીદ કરવા મજબુર હોય ઓઈલ કંપનીની તિજોરીમાં જમા થઈ રહ્યા છે અને દેશવાસીઓનાં ખિસ્સા ખાલી થઈ રહ્યાં છે.

બીજી તરફ ઉતર–પૂર્વનાં મહત્વનાં મણીપુર રાજયમાં છેલ્લા ૨ મહિનામાં ૧૦૦થી વધારે વ્યકિતની હત્યા થઈ ચુકી છે, હજારો પરિવારો બેઘર બની ગયા છે, ઈન્ટરનેટ બંધ છે છતાં પણ કેન્દ્ર સરકાર ધ્વારા મણીપુર અંગે કોઈ નિવેદન જાહેર કરવામાં આવતું નથી. આનાથી વધારે કરૂણાજનક બાબત શું હોય શકે.

## પાના ૮ ઉપરનું ચાલું ડો. કાનાબાર–જીંદાદીલ રાજનેતા

સેવાભાવી ડોકટર કાનાબાર ઉપસ્થિત થાય છે. બપોરના દોઢથી ચાર વાગ્યા સુધી તેઓ રાજનીતીમાં રચ્યાંપચ્યાં રહે છે. તે દરમિયાન તેઓ રાજકીય ઓપરેશનો પાર પાડે છે. ડોકટર કાનાબાર સીઝેરિયન વગેરે ઓપરેશન જેટલા સિફતાથી કરી શકે છે એટલી જ સિફતાથી તેઓ રાજકિય ઓપરેશન પાર પાડે છે.

રાજનીતી અને જીવનમાં તેમના ખાસ મીત્રોની રેન્જ બહુયામી છે. માર્કેટીંગ યાર્ડના સર્વે સર્વા પી.પી.સોજીત્રાથી લઈ મહુવાના ઉદ્યોગપતી રાજભા ગોહીલ. પરશોત્તમ રૂપાલાથી મનસુખભાઈ માંડવિયા. તેમના અંતરંગ મીત્રોમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીથી લઈ સાંસદ નારણ કાછડિયા અને સંગીત રસિક સિકંદરખાન પઠાણથી લઈ ડો. હર્ષદ રાઠોડ કે પછી સતત વાણિજય વ્યવસાયમાં રચ્યાં પચ્યાં રહેતા બીપીન ગાંધી હોય. ડોકટરના મીત્રો આર્કીટેક વનરાજ પટેલ પણ હોય અને સાવરકુંડલામાં માનવમંદિરના ભકિતરામ બાપુ પણ હોય. મીત્રોની વિશાળ ફોજ ધરાવતા ડો.કાનાબાર સતત મીત્રોથી ઘેરાયેલા જ હોય છે. યાજ્ઞીકભાઈ જેવા માત્ર ગીતસંગીતના રસીક કે પછી બેડમીન્ટનના સાથી કમલેશભાઈ અને તરંગ, વિપુલ ભટ્ટીથી લઈ સિનિયર જર્નાલીસ્ટ મનોજ રૂપારેલ, વિજયભાઈ ચૌહાણ, સુર્યકાંત ચૌહાણ, હિરેન રવૈયા, રાજુ ગઢિયા, દિલીપ જીરૂકા, ફારૂક વગેરે ડોકટરને પોતાના સૌથી અંગત મિત્ર માને છે. નવ યુવાન પત્રકારો પણ ડોકટર સાથે આત્મીયતાથી જોડાયેલા છે, જેમ કે કલ્પેશ ખેર, પરેશ પરમાર, કેતન બગડા, ધવલ, હરેશ ખુમાણ વગેરે

ડોકટર કાનાબાર સહૃદયી મિત્ર, ઉત્કૃષ્ટ ચિંતક અને સમાજસેવી અને ઉમદા માણસ છે. કોરોનાકાળમાં તેમણે જે લોકોને મદદ કરી હતી તેનો ઈતિહાસ સાક્ષી છે.

**અગેઈન હેપ્પી બર્થ ડે ડોકટર કાનાબાર સર**

**– મહેન્દ્ર બગડા**
**ટીવી નાઈન ગુજરાતી**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૮ | ૧૪૨૮ |
| ૨ | શીંગ ફાડા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૩ | મકાઈ | ૬૧૭ | ૬૧૭ |
| ૪ | છોલે ચણા | ૧૪૯૫ | ૧૪૯૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૩૬૫ |
| ૨ | ચણા | ૮૯૨ | ૯૦૭ |
| ૩ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૫૭ |
| ૪ | સોયા | ૯૧૨ | ૯૪૦ |
| ૫ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૮૩૧ | ૧૮૫૪ |
| ૭ | તલ સફેદ | ૨૯૭૫ | ૨૯૮૦ |

# સાવરકુંડલા શહેર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિની ઉજવણી કરાઇ



આજરોજ સાવરકુંડલા ખાતે સાવરકુંડલા શહેર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા દેશની એકતા અને અખંડિતતા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર, પ્રખર રાષ્ટ્રવાદી, ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવેલ હતી.

# ભારત સિવાય પણ ઘણાં દેશમાં હજારો વર્ષોથી ભોલેનાથનાં મંદિર મોજૂદ છે


નેપાળ... પશુપતિનાથ


મુનેશ્વરમ... શ્રીલંકા


પ્રબાલમ... ઈન્ડોનેશિયા


ઓસ્ટ્રેલિયા ... મુકિત ગુપ્તેશ્વર

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

અરે પાકિસ્તાનમાં પણ છે શિવ મંદિર, જાણો કયા દેશમાં અને કયા નામથી છે, મહાદેવની સાધના અથવા પૂજા એટલે કે ભગવાન શિવ, ભગવાનના દેવ, આપણને દરેક દુઃખ અને ભયથી મુકિત આપે છે. હિન્દુ ધર્મમાં મહાદેવની પૂજા કરવાથી સુખ અને સમૃદ્ધિ મળી શકે છે. શ્રાવણ માસનો પ્રારંભ થવામાં છે. એવુંમાનવામાં આવે છે કે આ મહિનો ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે અને તેમાં પૂજા કરવાથી વિશેષ ફળ મળે છે. ભગવાન શિવની પૂજા ઉપરાંત તેમના મંદિરોના દર્શન કરવાથી પણ જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે છે. શું તમે જાણો છો કે માત્ર ભારતમાં જ નહીં પરંતુ દેશની બહાર પણ એવા અનેક શિવ મંદિરો છે જયાં માત્ર દર્શન કરવાથી દરેક મનોકામના પૂર્ણ થઈ શકે છે. આવો અમે તમને આ મંદિરો વિશે જણાવીએ. **મુકિત ગુપ્તેશ્વર મંદિર–ઓસ્ટ્રેલિયા :** આસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સમાં મુકિત ગુપ્તેશ્વર મંદિર ભગવાન શિવને સમર્પિત છે. આ મંદિર ૧૩મા જયોતિર્લિંગ સાથે સંબંધિત છે. શ્રાવણ દરમિયાન અહીં ખૂબ જ તેજ જોવા મળે છે. જો કે, આખા વર્ષ દરમિયાન અહીં મોટી સંખ્યામાં ભકતો દર્શન માટે પહોંચે છે. એવું માનવામાં આવે છે કે જે લોકો અહીં આવે છે તેમની યાત્રા ચોક્કસપણે પૂર્ણ થાય છે. **નેપાળનું પશુપતિનાથ મંદિર :** એવું કહેવાય છે કે આ મંદિર પાંડવો સાથે સંબંધિત છે અને તે ભગવાન શિવને સમર્પિત છે. નેપાળની રાજધાની કાઠમંડુમાં સ્થિત આ મંદિરમાં શિવની પ્રસિદ્ધ મૂર્તિ છે, જેની સાથે ખૂબ જ રસપ્રદ ધાર્મિક કથા જોડાયેલી છે. હજારો દેશી–વિદેશી પ્રવાસીઓ કે ભકતો મંદિરમાં દર્શન કરવા આવે છે. પશુપતિનાથ માત્ર શિવના દર્શન માટે જ નહીં. પરંતુ તેની સુંદરતા માટે પણ પ્રખ્યાત છે. **મુનેશ્વરમ મંદિર–શ્રીલંકા :** પૌરાણિક કથાઓ અનુસાર, આ મંદિર ભગવાન રામ અને રાવણ સાથે સંબંધિત માનવામાં આવે છે. કહેવાય છે કે રાવણ પર જીત મેળવ્યા બાદ ભગવાન રામે અહીં ભગવાન શિવની પૂજા કરી હતી. આ કારણથી આ મંદિર રામાયણકાળ સાથે જોડાયેલું છે. આ મંદિરમાં જઈને ઈચ્છાઓ પૂરી થઈ શકે છે. **ઈન્ડોનેશિયામાં પ્રમ્બાનન મંદિર :** ઈન્ડોનેશિયામાં હિન્દુ ધર્મના લોકો મોટી સંખ્યામાં હાજર છે અને અહીં ઘણા મંદિરો છે. આમાંથી એક છે પ્રમ્બાનન મંદિર જાવા, ઈન્ડોનેશિયામાં છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા પ્રાપ્ત આ મંદિરનું સંકુલ ઘણું મોટું છે. રસપ્રદ વાત એ છે કે તેમાં લગભગ ૨૪૦ મંદિરો છે. **પાકિસ્તાનમાં કટાસરાજ શિવ મંદિર :** કહેવાય છે કે પાકિસ્તાનના આ શિવ મંદિરનો ઈતિહાસ ૯૦૦ વર્ષ જૂનો છે. આ મંદિરનો ઈતિહાસ ભગવાન શિવ અને માતા સતી તેમજ પાંડવો સાથે સંબંધિત છે. એવું કહેવાય છે કે જયારે માતા સતીએ પોતાને અગ્નિમાં સમર્પિત કર્યુ ત્યારે ભગવાન શિવના કેટલાક આંસુ અહીં પડયા હતા. તેથી જ અહીં અમૃતકુંડ સરોવરની રચના કરવામાં આવી હતી. શિવરાત્રિ અને સાવન દરમિયાન આ મંદિરમાં અલગ જ તેજ જોવા મળે છે.

### પિતૃ તર્પણ કરવા આવતા લોકોમાં પણ રાહતની લાગણી

## બાબરામાં પૌરાણિક પંચકુંડ વરસાદના પાણીથી ભરાય જતા શ્રદ્ધાળુમાં આનંદની લાગણી પ્રસરી

### પવિત્ર શ્રાવણ માસમાં ભૂદેવો કુંડમાં બેસી નૂતન જનોઈ ધારણ કરે છે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં છેલ્લા બે ચાર દિવસ સતત પડતા વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં નદી, નાળા અને ચેકડેમ ભરાઈ ગયા છે જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ત્યારે બાબરામાં આવેલ પૌરાણિક પવિત્ર પંચકુંડ સારા વરસાદથી ભરાય જતા અહીં નીલકંઠ મહાદેવના દર્શને આવતા ભવિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી તેમજ અહીં મોટા ભાગના લોકો પોતાના સ્વજનના મૃત્યુ બાદ સરવણી વિધિ તર્પણ કાર્ય કરવા આવતા હોય છે પણ કુંડમાં પાણી નહિ હોવાથી નિરાશ થાય છે પણ કુંડ ભરાઈ જતા રાહતની લાગણી જોવા મળી હતી તેમજ ભૂદેવો પણ અહીં શ્રાવણી પૂનમના દિવસે પવિત્ર પંચકુંડમાં બેસી નૂતન જનોઈ ધારણ કરે છે.

## અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાનો આજે જન્મ દિવસ



અમરેલી, તા. ૬,

લોક પ્રશ્નને હરહંમેશા વાચા આપનાર યુવા પત્રકાર ભાવેશ વાઘેલા આજે ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે તેમને જન્મ દિવસની રાજકિય અગ્રણીઓ અને સામાજિક આગેવાનો તથા જાહેર જનતા દ્વારા જન્મ દિવસની શુભેચ્છાઓ. તેમના મોબાઈલ નંબર ૭૦૧૬૦૬૦૨૬૬ પર પાઠવવામાં આવી રહી છે. ત્યારે આગામી દિવસોમાં તેમનું સ્વાસ્થ્ય સારું રહે અને લોકોના પ્રશ્નોને હર હંમેશ વાચા આપે એવા સંતો–મહંતો દ્વારા પણ આશીર્વાદ આપવામાં આવી રહ્યા છે.

### કેન્દ્રીય મંત્રી રૂપાલાએ શુભેચ્છા પાઠવી

## અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં નવનિયુકત હોદ્દેદારો પર અભિનંદનની વર્ષા

### વેપારીઓને કામકાજ જણાવવા અનુરોધ કર્યો





અમરેલી, તા. ૬

ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ભગીરથભાઈ ત્રીવેદી તથા મહામંત્રી રાજુભાઈ શિંગાળા તથા તાલુકા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખોએ આજે કેન્દ્રિય મંત્રી પુરષોત્તમભાઈ રૂપાલાની સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. અમરડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા પણ ત્યાં હાજર રહેલ કેન્દ્રીયમંત્રી, પ્રમુખ, મહામંત્રી તથા તાલુકાનાં પ્રમુખોને અભિનંદન પાઠવ્યા અને મોઢા મીઠાં કરાવ્યા હતા સાથે જયારે પણ જે કામકાજ હોય તે જણાવશો એવો વિશ્વાસ આપ્યો હતો.

### પુરતા પ્રમાણમાં સ્ટ્રીટલાઈટનો અભાવ હોવાથી

## સાવરકુંડલાનાં નેસડી માર્ગ ઉપર સ્કૂલ નજીક રાત્રિનાં સમયે અંધારપટ્ટનો માહોલ

### પાલિકાનાં શાસકો સ્ટ્રીટલાઈટ વધારે તેવી માંગ

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાનાં નેસડી સાવરકુંડલા રોડ સાંનિધ્ય સ્કૂલ પાસેથી પસાર થતાં વળાંકના ઢાળને સરળ અને સુલભ બનાવવા માટે તત્કાલીન ધારાસભ્ય સ્વ. વી.વી. વઘાસીયા દ્વારા સરકારમાં રજૂઆત કરી અને ગૌશાળા ઢાળ અને આ નેસડી સાવરકુંડલા સાંનિધ્ય સ્કૂલ એટલે કે નગરપાલિકાની પાણીની ટાંકા પાસેથી પસાર થતો એ ખૂબ ઉંચા ચડાણને લગભગ પંદરેક ફૂટ નીચો ઉતારવામાં આજથી ઘણા વર્ષો પહેલાં ઢાળના ચડાણ ખૂબ કપરાં અને જોખમી હતાં. આ રસ્તા પરથી આ ઢાળ પરથી પસાર થતા અનેક વાહનો કપરાં ચડાણને લીધે પાછા પડતાં અને ઘણી વખત રિવર્સમાં પાછા પડવાને કારણે બે વાર તો રહેઠાણ મકાનની દિવાલ તોડી અંદર ઘૂસી ગયેલાં. અહીં વેપાર કરતાં દુકાનદારો પણ ટ્રક જેવા ભારે વાહનો પસાર થતાં ત્યારે ભયના ઓથાર હેઠળ ફફડતાં પણ જોવા મળ તાં. આ ચડાણને કાપવા માટે તે સમયે અદ્યતન મશીનરી દ્વારા તે સમયનાં નગરપાલિકા પ્રમુખે અંગત રસ લઈને ઢાળને ત્રીસેક લાખ જેવી રકમથી આ રસ્તાને વાહનચાલકો અને રાહદારીઓ માટે સુગમ અને સરળ બનાવ્યો હતો. હાલ આ વળાંક પરથી ખૂબ સરળતાથી વાહનો અવરજવર કરે છે તેનો યશ પણ તત્કાલીન સત્તાધીશોને જાય છે. જો કે આ વળાંક પર રાત્રિના સમયે જાહેર લાઈટનું પ્રમાણ નહિવત હોવાથી અંધકાર પ્રવર્તે છે. આ વિસ્તારમાંથી રાત્રિના સમયે પસાર થવા માટે પર્યાપ્ત માત્રામાં રોશની કરવામાં આવે તો અહીંથી પસાર થતા રાહદારીઓને રાહત મળે. તો સંલગ્ન તંત્ર દ્વારા આ અંગે યોગ્ય કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## લીલીયા : મામલતદાર કચેરીના કર્મચારીની બઢતી સાથે બદલી



લીલીયા, તા. ૬

લીલીયા મોટાની મામલતદાર કચેરીમાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતા હિતેશભાઈ જગોદનાની બઢતી સાથે બદલી અમરેલી નાયબ મામલતદાર ડિઝાસ્ટર તરીકે થતા લીલીયા ઈન્ચાર્જ મામલતદાર રાદડીયા દ્વારા સાકર પડો આપી શુભકામના પાઠવી વિદાઈમાન અપાયુ. આ તકે લીલીયા મામલતદાર કચેરીનો સ્ટાફ ઉપસ્થિતિ રહેલ તેમ ઈમરાન પડાણની યાદીમાં જણાવેલ છે.

## સા.કુંડલામાં કથાકારના વરદ્‌હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ





સાવરકુંડલા, તા. ૬

કથાકાર શ્રી પ્રકાશબાપુ સરપદડીયા હસ્તે સરસ્વતી એજયુકેશન સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી બ્રાન્ચ શાળા નંબર બે કન્યા શાળાની દીકરીઓને દર વર્ષે શૈક્ષણિક કીટ આપવામાં આવે છે તે આ વર્ષે પણ પૂજય બાપુ શ્રી તેમજ તેમના ટ્રસ્ટી ભરતભાઈ રાઠોડ દ્વારા બાલવાટિકા તેમજ ધોરણ એક થી આઠ ની તમામ દીકરીઓને નોટબુક પેન ડોમ્સની સ્ટેશનરી કીટ દરેક દીકરીઓને આપી અને આશીર્વાદ વચનમાં કહ્યું કે ખૂબ ભણો ખૂબ આગળ વધો તમારી માતૃશાળાને ભૂલતા નહીં આવી રીતે તમે પણ કોઈ વાર આવું પુણ્ય કમાવો.

# સાવરકુંડલામાં હિન્દુ સંગઠન સંસ્થાઓ દ્વારા જયાપાર્વતીનું અનોખી રીતે કરાવાયું જાગરણ









સાવરકુંડલા શહેરમાં દુર્ગાવાહિની મહિલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શહેરની મહિલાઓને જયાપાર્વતી વ્રતનું જાગરણ સંદેશાત્મક રીતે કરાવાયું. સાવરકુંડલામાં પરશુરામ ઉપવન ખાતે શહેરની મોટાભાગની બહેનોને એકઠા કરી સંસ્થાની હોદ્દેદાર મહિલાઓએ વિસરાઈ ગયેલી જુદી જુદી રમતો રમાડી સંગીતની સાથે આ જાગરણ કરવામાં આવ્યું હતું. સૌથી મહત્વની બાબત એ છે કે સામાન્ય રીતે જાગરણમાં બહેનો મોબાઈલનો અને ટીવીનો વધુ ઉપયોગ કરતા હોય છે શેરીઓમાં ફરતા હોય છે કેટલાય એવા કિસ્સા બને છે કે જેમા મહિલાઓ વિધર્મીઓનો ભોગ બને છે. ત્યારે એવી કોઈ ઘટના ન બને તે માટે બહેનોએ આ પ્રયોગ કરી ખૂબ જ સારી એવી સફળતા મેળવી છે અને વિધર્મીઓ કે અન્ય કોઈનો ભોગ બન્યા વિના જ તહેવારોને ધાર્મિકતાનું મહત્વ સમજાવી કરાયેલા આ નવતર પ્રયોગમાં શહેરની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સફળતાપૂર્વક જાગરણ પૂર્ણ કર્યું. અત્યારના સમયમાં ઊંચો કૂદકો, સંગીત ખુરશી, ત્રિપદી દોડ, સર્કલ દોડ સહિતની અનેક રમતો આજે શેરીઓ મારા માટે બંધ થઈ સ્કૂલોમાં બાળકોને રમાડવામાં આવતી નથી. જેને કારણે કસરત અને હેતુ સાથેની આ રમતો જાગરણના દિવસે રમવા મળે અનુભવવા મળે તે અમારા માટે ગૌરવની વાત છે અને સલામત રીતે અમે આ ધાર્મિક સમજણ સાથેનું જાગરણ કર્યું. નવરાત્રીની જેમ જાગરણમાં પણ વિસ્તાર મુજબ કે આવી કોઈ સંસ્થાઓ દ્વારા જાગરણ સહિતના તહેવારો મનાવવામાં આવે તો મહિલાઓ માટે અને બહેનો માટેની અનેક પજવણી સહિતની ઘટનાઓ બનતી અટકાવી શકાય. આ કાર્યક્રમમાં યશોધરા બેન પંડયા, હીનાબેન કાણકીયા, જાગૃતિબેન હરસોરા, ધારાબેન સહિતના અગ્રણીઓએ ખાસ આયોજન કરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

### કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાએ શુભેચ્છા પાઠવી

# અમરેલીનાં ભાજપ અગ્રણી ડો. કાનાબારનાં જન્મદિનની અનેરી ઉજવણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુડબુકમાં સમાવેશ પામેલ ડો. કાનાબારને તબીબી, રાજકીય અને વેપારી જગતમાંથી શુભેચ્છાનો વરસાદ

આમ આદમી માટે અર્ધીરાતનો હોંકારો અને જિલ્લાનાં વિકાસ માટે સતત ચિંતિત અગ્રણીને સૌ કોઈએ શુભેચ્છા પાઠવી

જેઓની સાથે હંમેશા મતમતાંતર રહેતા તેવા કદાવર નેતા દિલીપ સંઘાણીએ પણ ડો. કાનાબારનાં જન્મદિને શુભેચ્છા પાઠવી

ડો. કાનાબાર અને દિલીપ સંઘાણી વચ્ચે અનન્ય તાલમેલ સર્જાતા જિલ્લામાં ભાજપનાં રાજકારણમાં નવો વળાંક આવશે તે નિશ્ચિત



અમરેલી, તા. ૬

અમરેલીનાં જાણીતા તબીબ, જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને આમ આદમી માટે અર્ધીરાતનો હોંકારો અને જિલ્લાનાં વિકાસ માટે સતત ચિંતિત અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુડબુકમાં સ્થાન ધરાવતા ડો. કાનાબારનાં આજનાં જન્મદિને કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા સહિતનાં કદાવર નેતાઓએ શુભેચ્છા પાઠવી છે.

તદુઉપરાંત અમરેલીનાં જાણી તબીબો, વેપારી અગ્રણીઓ, રાજકીય આગેવાનો તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીમાં શિક્ષણ અને મેડિકલ ક્ષેત્રે ગજેરા પરિવારનો સિંહફાળો

# ભૈ વાહ : અમરેલીનાં શ્રીમતિ એસ.એચ. ગજેરા સ્કૂલ વિદ્યાસભાને સ્માર્ટ કલાસની ભેટ આપતા અશોક ગજેરા

### બાળકોનાં સર્વાંગી વિકાસ માટે ગજેરા પરિવાર હંમેશા કટિબધ્ધ છે : ગજેરા



અમરેલી, તા. ૬

શ્રીમતિ એસ.એચ. ગજેરા અને શ્રીમતિ સી.વી. ગજેરા સ્કૂલ–અમરેલી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની મુલાકાતે અશોકભાઈ ગજેરા લક્ષ્મી ડાયમંડનાં મેનેજીંગ ડાયરેકટર આવેલ હતા. વિદ્યાર્થીઓને મળતી સવતોને ધ્યાનમાં રાખી અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા સર્વાંગી શિક્ષણ આપતા લક્ષ્મી ડાયમંડ તરફથી ૧૦ નવા સ્માર્ટ કલાસ

### ભારે વરસાદની આગાહી વચ્ચે

# અમરેલી જિલ્લામાં વ્હેલી સવારે વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ

### શહેરમાં વરસાદ શરૂ થતાં જ વીજળી ગુલ થઈ



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા સહિત સમગ્ર જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે આજે વ્હેલી સવારે અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જેને લઈ સવારે ૬ વાગ્યા સુધીમાં જ અમરેલીમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જયારે

અનુસંધાન પાના ૬ ઉપર

### સીટી પોલીસે કરી કાર્યવાહી

# અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમી ઝડપાયા

### રૂપિયા ૧૧૩૦૦નો મુદ્દામાલ ઝડપાયો



અમરેલી, તા. ૬

અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીનાં આધારે પોલીસે દરોડા પાડતાં ૬ પત્તાપ્રેમીઓ રૂપિયા ૧૧૩૦૦નાં મુદામાલ સાથે ઝડપાયેલ છે.

પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી સીટી પીઆઈ ડી.કે. વાઘેલાએ પતાપ્રેમી પરેશભાઈ હળવદીયા, કિશોરભાઈ હળવદીયા,

અનુસંધાન પાના ૬ ઉપર

### વ્હેલી સવારે ભારે પવન સાથે વરસાદ પડયો

# વડિયામાં વહેલી સવારે સવા ઈંચ વરસાદ સુરવો ડેમનો એક દરવાજો ખોલાયો

### વ્હેલી સવારે સુરવો નદી વહેતી જોવા મળી



વડિયા, તા. ૬

રાજય અને સૌરાષ્ટ્રમાં ત્રણ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આગાહીના પ્રથમ દિવસે જ વહેલી સવારે ચાર વાગ્યાથી વડિયા અને તેના ગ્રામીણ વિસ્તારમાં વરસાદની શરૂઆત થતી જોવા મળી હતી. વડીયામાં વહેલી સવારે ભારે પવન સાથે ૩૧ મીમી–સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. તો વડિયાના ગ્રામીણ વિસ્તાર અરજણસુખ, રામપુર, તોરી, ખાન ખીજડીયા અને મોરવાડામાં વહેલી સવારે વરસાદનું આગમન થતા સુરવો ડેમમાં પાણીની આવક નોંધાઈ હતી. અને સવારે સુરવો ડેમ ઓવરફલો થતાં એક દરવાજો એક ફૂટ ખોલવામાં આવ્યો હતો. ત્યારે વડિયા ગામની મધ્યમાથી પસાર થતી સુરવો નદી સવારથી જ બે કાઠે વહેતી જોવા મળી હતી.

# ડો. કાનાબારે ૧૩ વર્ષ પહેલા નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે સ્વપ્ન જોયેલ

લાખો મણ કોલસામાંથી ભાગ્યે જ એકાદ હીરો મળી આવે તેમ આજના તદ્દન નીચલી પાયરીના લાખો રાજકરણીઓમા આપ છો. એટલે જ કાયમ આપને હું મારા બ્રાન્ડ એમ્બેસેડર ગણું છુ. ખુબ જ મોટી નુકશાની ભોગવવા છતાં સ્થિતપ્રજ્ઞરૂપે સમાજની ખેવના રાખી જેને કોઈ સાંભળતું જ નથી. એવા સામાન્યજનની વેદના અને સમાજની ખેવના રાખી સાવ અનોખી ધાર્યા રજુઆત કરતા જ રહો છો. ધન્યવાદ અને સમાજ માટે તથા અમારા જેવા માટે ચીરસ્મરણીય જીવન જીવતા રહો એવી શુભેચ્છાઓ....

ડોક્ટર સાહેબ, તમે આ કામ બહુ મહાન કરી રહ્યા છો. પક્ષને વફાદાર અદના આદમીના પરિવારની આવી ચિંતા કોઈ કરતું નથી. તમને મંદિરે જતા જોયા નથી પણ આવા કંઈ કેટલાય માનવ મંદિરોની આરાધના કરતા જોયા છે. ધન્ય છે. આપણા દેશમાં હવે ડોકટરનો અર્થ મોટા "ધન–એકત્રક"થી વિશેષ કંઈ નથી, ત્યારે તમે સર્વ માન, મોહ–કામનાઓથી મુકત રહી અજાયબ સેવા કરવાની તક વારંવાર શોધી લો છો અને એ તક ઝડપી લો છો. અમારે આમાં શાસ્ત્રના બહુ થોથા ઉથલાવવાની હવે કયાં જરૂર ?

તમારા અસલ સોનાના ઘાટે ઘડાયેલા જીવનની બગસરા જવેલરીની જેમ અમે થોડી નકલ કરી શકીએ તોય બહુ છે સાહેબ.

**– દિલીપ ભટ્ટ**
**(જાણીતા પત્રકાર, લેખક અને શિક્ષણવિદ્)**

# ડો. કાનાબાર–જીંદાદીલ રાજનેતા, સુપર્બ જેન્ટલમેન અને સેવાભાવી ડોકટર

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન થવુ જોઈએ તેવુ સ્વપ્ન મોદી પહેલા કોઈએ જોયુ હોય તે હતા ડો. ભરત કાનાબાર. સન ૨૦૧૧ની સાલમાં મોદી જયારે મુખ્ય પ્રધાન હતા અને દેશની તમામ લીડીંગ ન્યુઝ ચેનલો, ઈંગલીશ છાપાઓ મોદી વિઢધ્ધ રોજ ઝેર ઓકતા તે સમયે ડો.કાનાબારે કહ્યું કે દેશના કેટલાક સળગતા પ્રશ્નો છે તેના ઉકેલ માટે મોદીએ વડાપ્રધાન થવુ જોઈએ. અથવા તો મોદી જો વડાપ્રધાન થાય તો જ કેટલાક વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ આવી જાય. દાખલા તરીકે રામમંદિર, કશ્મીર અને ૩૭૦ની કલમ દુર કરવી જેવી અનેક સમસ્યા.

ડો. કાનાબારને આ વિચાર આવ્યો એટલે તેમણે તે સમયે જયારે વોટ્સેપ અને ફેસબુક કદાચ અસ્તિત્વમાં જ ન હતુ. તે સમયે મોબાઈલ એસએમએસ સેવાનો ઉપયોગ કરી ઓન્લી હી કેન ડુ ઈટ નામની સીરીઝ ચાલુ કરી. ઓન્લી હી કેન ડુ ઈટ દ્વારા ડો. કાનાબારે સમગ્ર દેશના ભાજપ અને બીજા વરિષ્ઠ નેતાઓને મોદી જ કેટલીક વસ્તુઓ કરી શકે તેના દાખલા સહીતના કિસ્સાઓ, યોજનાઓ વગેરેને પ્રસ્તુત કરી. એ સમયે દેશના અને ભાજપના ટોચના નેતાઓને રોજ ડો. કાનાબાર એસએમએસ કરી ઓન્લી હી કેન ડુ ઈટ નામની સીરીઝના મેસેજ મોકલી ગુજરાતમાં મોદીના સાશનકાળ દરમિયાન થયેલા કામોનુ લિસ્ટ મોકલતા હતા.

આમ ભાજપમાં ડોકટર કાનાબાર ડિજીટલ પ્રચારના પ્રારંભના પ્રચારક રહ્યાં. આજે આ બધી વાત લખવાનો આશય એટલા માટે છે કે આજે ડોકટર ભરત કાનાબારનો જન્મ દિવસ છે. હેપ્પી બર્થ ડે સાહેબ.

ડોકટર કાનાબાર માટે જીંદાદીલ શબ્દ એટલે વાપરવો પડે કે તે સવારે નવથી અગિયાર વાગ્યા સુધી યુવાન એટલે કે ૩૦ વર્ષના હોય છે. તેમના મીત્રો સાથે તેઓ લગભગ બે કલાક બેડમીન્ટન રમે છે. ત્યાર બાદ પેશન્ટ સામે એક અનુભવી અને

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)